# અક્રમ એક્સપ્રેસ ડાયજેસ્ટ

(ચિત્રવાર્તા ભાગ - ૨)







## - ત્રિમંત્ર -

નમો વીતરાગાય
નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવઝ્ઝાયાણં
નમો લોએ સવ્વસાહૂણં
એસો પંચ નમુક્કારો; સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં; પઢમં હવઇ મંગલં
ૐ નમો ભગવતે વાસુદેવાય
ૐ નમઃ શિવાય

જય સચ્ચિદાનંદ





# પ્રસ્તાવના

વાર્તા અને વચને કોઈ લેવાદેવા નથી. એ એક એવું અસરકારક માધ્યમ છે, જેના દ્વારા કોઈ પણ સંદેશો સરળતાથી વ્યક્તિના હૃદયમાં ઉતરી જાય છે અને યાદ પણ રહી જાય છે, પછી એ બાળક હોય, યુવાન હોય કે વૃદ્ધ હોય. એમાંય વાર્તા જો ચિત્રો સાથે હોય તો તો જાણે સોનામાં સુગંધ ભળે. આખી બુક વંચાઈ ન જાય ત્યાં સુધી એને હાથમાંથી મૂકવાનું મન જ ન થાય.

દાદા ભગવાન પરિવારના બાળવિજ્ઞાન વિભાગ તરફથી બાળકો માટે ખાસ દર મહિને પ્રસારિત થતા 'અક્રમ એક્સપ્રેસ' નામના મેગેઝિનમાં સુંદર બોધપાઠ આપતી નાની-નાની ચિત્રવાર્તાઓ આવે છે. તેને ભેગી કરી આ પુસ્તક રૂપે પ્રકાશિત કરી રહ્યા છીએ, જે વાચકને સાચી સમજણ હૃદયગત કરવામાં ઉપયોગી નીવડશે. પરમ પૂજ્ય દાદાશ્રી કહેતા કે સાચી સમજણ એનું નામ કે જે ક્યારેય ભૂલાય નહીં અને જે ધીમે ધીમે વર્તનમાં આવીને ઊભી રહે.

આ પુસ્તક વાંચનાર પ્રત્યેક વાચક સરળતાથી સમ્યક્ સમજણ પ્રાપ્ત કરી એક આદર્શ જીવન જીવી શકે અને ગમે તેવી પરિસ્થિતિનો સ્વસ્થતાથી ઉકેલ લાવી, કાયમ આનંદમાં રહી શકે એ જ અભ્યર્થના.

જય સચ્ચિદાનંદ


પ્રકાશક:
મહાવિદેહ ફાઉન્ડેશન
૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪, ગુજરાત, ભારત.
ફોન: (૦૭૯) ૨૭૫૪૦૪૦૮.
E-mail: info@dadabhagwan.org
Website: www.dadabhagwan.org


©: All Rights Reserved – Mahavideh Foundation
Address as above


મુદ્રક:
મહાવિદેહ ફાઉન્ડેશન (પ્રિન્ટીંગ ડીવીઝન)
પાર્શ્વનાથ ચેમ્બર્સના ભોંયરામાં, નવી રિઝર્વ બેંક પાસે,
ઈન્કમટેક્ષ, અમદાવાદ – ૧૪. ગુજરાત, ભારત.
ફોન: (૦૭૯) ૨૭૫૪૨૯૬૪.

પ્રાપ્તિ સ્થાન:
ત્રિમંદિર, સીમંધર સીટી, અમદાવાદ કલોલ હાઈવે,
અડાલજ, જી. ગાંધીનગર – ૩૮૨૪૨૧. ગુજરાત, ભારત.
E-mail: balvignan@dadabhagwan.org
Available on online store :
https://store.dadabhagwan.org/
Website: kids.dadabhagwan.org
પ્રથમ આવૃતિ: ૩૦૦૦ કોપી, મે : ૨૦૧૪
મુલ્ય: રૂ. ૪૫




Gifted To: ..............................
From: ..............................
On the occession of: ..............................

# અનુક્રમણિકા


| ક્રમ | અક્રમ એક્સપ્રેસ મહિનો અને વર્ષ | ટોપિક | વાર્તાનું નામ | પાના નંબર |
|---|---|---|---|---|
| ૧ | ઓક્ટો.'૧૧ | ટી.વી કેટલું જોવું ? | ચિત્તના ફોટા | ૧ |
| ૨ | નવે.'૧૧ | સેવા | સેવાની શરૂઆત ઘરથી જ | ૪ |
| ૩ | જાન્યુ.'૧૨ | કુસંગથી છેટા સારા | કુસંગ દુઃખ જ લાવે | ૭ |
| ૪ | ફેબ્રુ.'૧૨ | હું તને જોઈ લઈશ | વેરથી વેર ન શમે | ૧૧ |
| ૫ | મે'૧૨ | રજા... એ... મજા !!! | ભાવ વિજ્ઞાન | ૧૫ |
| ૬ | જૂન'૧૨ | સુખની દુકાન | સુખની દુકાન | ૧૯ |
| ૭ | જૂલાઈ'૧૨ | અબોલા | ખરો બુદ્ધિશાળી | ૨૩ |
| ૮ | ઓગ.'૧૨ | સિન્સીયારીટી | જાગ્યા ત્યારથી સવાર | ૨૬ |
| ૯ | સપ્ટે.'૧૨ | ફરિયાદ ? નહીં, 'એડજસ્ટમેન્ટ' ! | એડજસ્ટમેન્ટનો પ્રતાપ | ૨૯ |
| ૧૦ | ઓક્ટો.'૧૨ | કોપીકેટ | નકલ નહીં, અસલ જ ખપે | ૩૩ |
| ૧૧ | નવે.'૧૨ | બીજાની ભૂલ જોવાની કુટેવ | અમારું એક વાંકું, આપના અઢારે વાંકા | ૩૬ |
| ૧૨ | ડીસે.'૧૨ | આડાઈ સરળતા | આડાઈમાં રહી ગયો | ૩૯ |
| ૧૩ | જાન્યુ.'૧૩ | ગુરુકૃપા | ગુરુનો વિનય | ૪૩ |
| ૧૪ | ફેબ્રુ.'૧૩ | ટાળો કંટાળો | ફરજ | ૪૬ |
| ૧૫ | માર્ચ'૧૩ | નિશ્ચયની શક્તિ | નિશ્ચયની શક્તિ | ૪૯ |
| ૧૬ | એપ્રિલ.'૧૩ | પ્રાર્થના પહોંચે પરમાત્માને | અંદર બેઠેલા ભગવાનને પ્રાર્થના | ૫૩ |
| ૧૭ | મે'૧૩ | રજા...એ...મજા !!! | ચિંતવે એવું થાય | ૫૬ |
| ૧૮ | જૂન'૧૩ | મારે શું ! | બસની એક યાદગાર મુસાફરી | ૬૦ |
| ૧૯ | ઓગ.'૧૩ | લોભને નહીં થોભ | ફસામણ | ૬૩ |
| ૨૦ | સપ્ટે.'૧૩ | હું રહી ગઈ ! | મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર | ૬૬ |
| ૨૧ | ઓક્ટો.'૧૩ | મીઠી વાણી | કડવી વાણીના પડઘા | ૭૦ |
| ૨૨ | ડીસે.'૧૩ | સુખ કે દુઃખ માન્યતાથી જ ! | એમનું સ્વર્ગ | ૭૪ |
| ૨૩ | જાન્યુ.'૧૪ | વિરોધીઓ ઉપકારી | સુરદાસ | ૭૮ |
| ૨૪ | ફેબ્રુ.'૧૪ | પ્રમાણિક્તા | વિડિયો રેકોર્ડિંગ | ૮૧ |

ટોપિક :
'ટી.વી કેટલું જોવું ?'

# ચિતના ફોટા





પાર્થ, ક્યાં ખોવાઈ ગયો ? મેં શું શીખવાડ્યું હમણાં ? શરીરની રચના વિશે બોલ તો.
ઓહ... સોરી ટીચર. શું પૂછ્યું તમે ? ફરી કહેશો, મારું ધ્યાન નહોતું.
હં... મેં એમ પૂછ્યું કે ગઈ કાલે રાત્રે ટી.વી. પર તે કયું પિક્ચર જોયું હતું ?
તમને કેવી રીતે ખબર પડી ગઈ ? મેં ગઈ કાલે બોક્સિંગ રમત પરનું પિક્ચર જોયું હતું. મને અત્યારે એ યાદ આવતું હતું.
એટલે અત્યારે ભણવાના સમયે સાહેબ પિક્ચરમાં ખોવાયેલા છે, એમને ? આ ટી.વી.ને સિનેમામાં આપણને મજા આવે છે, પણ મજા આવવાથી ચિત્ત બગડ્યા કરે છે અને એટલે પછી એકાગ્રતા નથી રહેતી.
હમણાં પારસના કેમેરામાં ફોટો કેમ ન પડ્યો ?
ચિત્ત ?
ચિત્ત એટલે શું, ટીચર ?
રોલ પૂરો થઈ ગયો તેથી.
હં. એવી જ રીતે આપણા શરીરમાં ચિત્ત હોય છે. એનું કામ ફોટો પાડવાનું હોય છે. એ જ્યાં એકાગ્ર થાય ત્યાં એ ફોટો પાડી લે અને યાદ રાખી લે.
ટી.વી. ને સિનેમાના કારણે એની એકાગ્રશક્તિ એમાં જ વપરાઈ જાય છે. તેથી ભણતી વખતે એ એકાગ્ર થતું નથી. પરિણામે ભણવાનું યાદ રહેતું નથી.


ટી.વી. ને સિનેમાના કારણે
એકાગ્રશક્તિ કેમ તૂટી જાય છે ?
જેમ રોલ પૂરો થઈ જવાથી વધારાના
ફોટા પાડવાની જગ્યા નથી રહેતી
એમ ચિત્તમાં ટી.વી. ને સિનેમાના
દ્રશ્યો યાદ રહી જવાથી ભણવાનું યાદ
રાખવાની જગ્યા નથી રહેતી.
ઓહ, તમારી વાત સાચી છે ટીચર,
અત્યારે મને અંદર બોક્સિંગ જ ઘુમ્યા કરતું
હતું તેથી તમે શું ભણાવી રહ્યા છો એમાં
મારું ધ્યાન સ્થિર નહોતું થતું.
તો હવે પિક્ચરના બધા
ફોટા ભૂંસી નાખજે.
એ કેવી રીતે ?
રોજ ભણતા પહેલા આંખો બંધ
કરીને ૧૦ મિનિટ અક્ષરે અક્ષર
વંચાય એ રીતે 'દાદા ભગવાનના
અસીમ જયજયકાર હો'
બોલવાથી ચિત્ત શુદ્ધ થાય છે અને
એકાગ્રતા વધે છે.
હું ચોક્કસ કરીશ.
પણ હવે બધા ટી.વી. જોવાનું
ઓછું કરશો ને ?
હા.
હા.
હા.
હા.

# સેવાની શરૂઆત ઘરથી જ

ટોપિક :
'સેવા'






મા-બાપની સેવા એ સૌથી મોટો ધર્મ છે. સેવાની શરૂઆત ઘરથી જ થવી જોઈએ. પહેલા મા-બાપ પછી બીજા.
પણ આજની મીટિંગ બહુ જ અગત્યની છે. એ રદ કરાય એમ નથી.
આમ કહીને, દિયા ભાગી...
નિત્યાના ઘરે,
એક ખુશખબર છે ! વિશ્રાંતિ સંસ્થાને આપણું કામ ખૂબ ગમ્યું છે. સંસ્થાના ચેરમેને પ્રિન્સિપલ સરને આપણા કામ વિશે વાત કરી છે અને આજે તેઓ સ્કૂલમાં આપણને સેવા-એવોર્ડ પણ આપવાના છે.
દિયા, નિત્યા અને અંજલીએ આપણી શાળાનું નામ રોશન કર્યું છે. ગરીબો અને અનાથોની સેવા કરી, એમણે એમના ખૂબ આશીર્વાદ મેળવ્યા છે. સર્વ શિક્ષક-મંડળ, વાલીઓ અને વિદ્યાર્થીઓ તરફથી હું આ સેવાભાવી વિદ્યાર્થીનીઓને ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું અને આ સેવા-એવોર્ડથી સન્માનિત કરું છું.
અને એક ખૂશખબર છે. કાલે, એક ન્યુઝપેપર રિપોર્ટર આપણી શાળામાં આ વિદ્યાર્થીનીઓના ફોટા લેવા આવશે અને એમના સર્વિસક્લબ વિશે છાપામાં એક લેખ પણ છાપશે.
અભિનંદન, અભિનંદન.
આજે સ્કૂલે જવા માટે દિયા ખૂબ ઉત્સાહિત હતી. વ્યવસ્થિત તૈયાર થઈને એ નીકળવા જતી હતી, ત્યાં તો ફોનની ઘંટડી વાગી.
દિયા, આજે મારાથી સ્કૂલે નહીં અવાય. મમ્મીને બહુ જ તાવ છે અને ઘરે બીજું કોઈ નથી.



પણ આજે તો ન્યુઝપેપર રિપોર્ટર આવવાના છે. આપણો ફોટો છાપામાં છપાવાનો છે. આવી તક તું કેવી રીતે ગુમાવી શકે ?
મમ્મીની સેવા કરવાની તક પણ હું કેવી રીતે ગુમાવી શકું ? ક્લબ વિશે તો તમે લોકો બધું જણાવી જ દેશોને. અને મારો ફોટો નહીં છપાય એનો મને જરાય વાંધો નથી. પણ મારા માટે મમ્મીની સેવા એ છાપાના ફોટા કરતા અનેક ગણી વધારે મહત્વની છે.
સ્કૂલમાં ન્યુઝપેપર રિપોર્ટર સામે ફોટો પડાવતા,
તમારી ત્રીજી મિત્ર ક્યાં છે?
એ ઘરે છે. એના મમ્મીને તાવ આવતો હોવાથી એ આવી શકી નથી.
ઓહ, એટલે એ અત્યારે એના મમ્મીની સેવામાં છે. એ ફોટો તો ખાસ લેવા જેવો છે. લોકોને સંદેશો મળેને કે સેવાની શરૂઆત ઘરથી જ થાય છે. ચાલ, ત્યાં જઈએ.
અંજલી, ખરેખર તમારા જેવી દીકરીઓ ઘર અને સમાજ બન્નેને મદદરૂપ થઈ, સમાજ સામે એક આદર્શ ઉદાહરણ છો.
આ સાંભળી દિયાને પોતાની ભૂલ ઉપર બહુ જ પસ્તાવો થયો.
મેં તો ફક્ત 'વાહ-વાહ' સાંભળવા માટે સેવા કરી પણ ખરી સેવા તો અંજલીએ કરી કહેવાય ! દાદી સાચું જ કહેતા હતા કે 'સેવાની શરૂઆત ઘરથી જ થવી જોઈએ.'


ટોપિક : 'કુસંગથી છેટા સારા'

# કુસંગ દુઃખ જ લાવે




ના, ના, એવું નહીં. મને શીખવાડવામાં આવ્યું છે કે કામ કરવાના સમયે કામ કરવાનું અને મજા કરવાના સમયે મજા કરવાની.
જવા દે આ બધી વાતો. જીંદગી તો મોજમજા કરવા માટે છે. હું તો આ ચાલ્યો મજા કરવા, તું આવે છે ?
ટેડી સાચું જ કહે છે ! એ કેટલી મજા કરે છે અને મારે આ તડકામાં મજુરી કરવાની. જીંદગી હોય તો ટેડી જેવી !
શું વિચારમાં ખોવાઈ ગઈ ? મિલી અને બિલી તો કામ કરે જ છે ને ! તને તો બેઠા બેઠા મફતમાં ખાવાનું મળશે. બોલ, આવવું છે ફરવા ?
સારુ, ચલ જઈએ.
લેક આગળ બેસીને વિન્કી, ટેડી અને ટેડીના મિત્રોએ, સસલાથી માંડીને હાથી અને સિંહની કૂથલી અને ટીખળ કરી ખૂબ ખૂબ હસ્યા.



બીજા દિવસે, મિલી અને બિલીએ, વિન્કીને સમજાવવાનો પ્રયત્ન કર્યો.
વિન્કી, ટેડીની સોબતમાં બહુ મોટું જોખમછે. એનો સંગ રાખીશ તો એના બધા ખોટા સંસ્કાર તારામાં પેસી જશે અને તારી આખી જીંદગીના સંસ્કાર પર પાણી ફરી જશે.
અરે મિલી, તું ચિંતા ના કર. હું ધ્યાન રાખીશ કે એની ઊંધી ટેવોની અસર મારા પર ના થાય.
એ શક્ય જ નથી કે કુસંગની અસર ના થાય. અમે તને ચેતવણી આપીએ છીએ. તું એ કુસંગીઓના ટોળામાં રહીશ તો દુઃખી થઈ જઈશ.
પણ વિન્કીએ, મિલી અને બિલીની વાત ના માની. ટેડી અને એના મિત્રો સાથે રખડવાની એને મજા પડી ગઈ હતી. એટલે હવે કામમાં પણ એ ગુલ્લીઓ મારવા લાગી અને મિલી અને બિલીને ગણકારતી નહીં.
અંતે વિન્કીને ખરાબ સોબતની અસર થઈ જ ગઈ. એક દિવસ..
મને એક યુક્તિ સૂઝી આવી. આજે પાર્ટી માટે હું મિલી અને બિલીના સ્ટોર હાઉસમાંથી છુપાઈને થોડું ખાવાનું લઈ આવીશ.
ઓહ સરસ!


આમ, દિવસો પસાર થવા લાગ્યા. બે-ત્રણ મહિના પછી ખૂબ કડકડતી ઠંડી પડી. હિમ-વર્ષા થઈ. બધું જ સૂકાઈ ગયું. ટેડી અને વિન્કીને ખાવાના ફાંફા પડવા લાગ્યા. તેઓ બધા પાસે ખાવાનું માંગવા લાગ્યા.
સસલાભાઈ,થોડું ખાવાનું આપશો ?
કામ કરવાના ટાઈમે રખડતી હતી ને ! મારી પાસે કશું નથી તને આપવા માટે.
એક દિવસ ઉંદરના દરમાંથી ખાવાનું ચોરી કરતા વિન્કી પકડાઈ ગઈ.
એય.... ખબરદાર જો અમારું ખાવાનું અડી છે તો. ભાગ અહીંથી.
ભૂખ અને ઠંડીના કારણે વિન્કી સાવ અશક્ત થઈ ગઈ. ખાવાની શોધમાં ભટકતી વિન્કી, મિલી અને બિલીના દર પાસે આવી પહોંચી અને અંદર ડોકિયું કર્યું.
કેવી શાંતિ છે આમને ! આખો ઉનાળો મહેનત કરીને અનાજ ભેગું કર્યું.અને મેં ખોટી સંગતમાં સમય વેડફી નાખ્યો અને રખડી ખાધું. એટલે આજે દુ:ખી થવાનો વખત આવ્યો.
અચાનક, મિલી અને બિલીએ, વિન્કીને બહાર ઠંડીમાં ઠુઠવાતી જોઈ. એને અંદર બોલાવી અને ખૂબ પ્રેમથી જમાડી.
તમે લોકો સાચુ જ કહેતા હતા. હવે મને સમજાયું કે કુસંગ નું પરિણામ કેટલું ખરાબ આવે છે. તમે ફરી મારા મિત્રો બનશો ?
ચોક્કસ ! પણ પ્રોમિસ આપ કે હવે તું કુસંગમાં નહીં જાય !
પ્રોમિસ

ટોપિક : “હું તને જોઈ લઈશ”


# વેરથી વેર ન શમે




હું એને છોડીશ તો બદલો વાળશેને ? આખી જિંદગી બંદી બનાવીને રાખીશ. અને તોય સીધો નહીં રહે તો મૃત્યુદંડ આપીશ.
મૃત્યુ એ જીવનનો અંત લાવી શકે, વેરનો નહીં. વેર તો એ બીજા જન્મમાં પણ લઈને જ છોડશે. વેર તો જન્મોજન્મ ચાલે.
બધી વાતો છે. આવતો ભવ કોણે જોયો છે ?
આવતો ભવ નથી જોયો પણ પાછલો ભવ તો જોયો છે. આ વેર પણ પાછલા કેટલાક ભવોથી ચાલ્યું આવે છે.
હું કેવી રીતે માનું ?
આંખો બંધ કર, તને દેખાડું.
બલરાજ આંખો બંધ કરે છે.
શું દેખાય છે?
પાછલા ભવમાં બલરાજ અને સુમંત બે જોડીયા ભાઈઓ છે. એક જ રાજાના કુંવર. બલરાજનું નામ પ્રીતમે છે અને સુમંતનું નામ કિશન. રાજગાદી મેળવવા માટે કિશને પ્રીતમ સામે ષડ્યંત્ર રચ્યું અને પ્રીતમે પણ કિશનને ખલાસ કરી નાખવાની યોજના ઘડી.





અચાનક એક દિવસ, કિશને પ્રીતમ પર તલવારથી હુમલો કર્યો. પ્રીતમ અંતિમ ક્ષણો ગણી રહ્યો હતો.
હું તને નહીં છોડું. આવતા ભવે પણ તને મારીને જ રહીશ.
પછીના ભવમાં, બલરાજનો જીવ એક સાપ તરીકે જન્મ્યો અને સુમંતનો જીવ એ જ જંગલમાં એક વરુ તરીકે જન્મ્યો. એક દિવસ, એ સાપે વરુને એવો ઝેરીલો ડંશ માર્યો કે વરુ તડપી તડપીને મર્યો.
જા જા હવે... આ ભવમાં તું મારું કશું નથી બગાડી શક્યો તો આવતા ભવે શું કરી લેવાનો ?
આમ, એક પછી એક બલરાજને પોતાના આઠ ભવ દેખાયા. દરેક ભવમાં બલરાજનો જીવ સુમંતના જીવને મારી જ નાખતો. આ જોઈ એ સમસમી ગયો અને જાગી ગયો.
અરે ભગવાન, આઠ-આઠ ભવથી હું વેર વાળતો આવ્યો છું છતાં ધરાયો નથી. આ ક્યાં જઈને અટકશે ?



હવે આ વેર બંધ કરવાનો એક જ રસ્તો છે. સુમંતને એનું મેવાપુર પરત કરી દઉં. હું બદલો લઈશ તો તે પણ બદલો વાળ્યા વગર નહીં રહે અને હું ભવોભવ આ વેરના કારણે ભટક્યા કરીશ.
બીજા દિવસે સવારે
સિપાહીઓ, સુમંત અને એના પરિવારને આદર અને સન્માન સહિત મેવાપુર મૂકી આવો.
અને પછી બલરાજ એના પુત્રને રાજગાદી સોંપી પોતાના વેરનું પ્રાયશ્ચિત કરવા વનમાં ચાલ્યો ગયો.

ટોપિક :
'રજા... એ... મજા !!!'


# ભાવ વિજ્ઞાન





ફરી થોડી વાર પછી.
પ્રભુ, હવે ?
હવે મોક્ષે જવાના.
મહારાજ તો ધ્યાનમાં જ લીન છે. છતાં જુદી જુદી ગતિ ?
નવાઈ લાગે છે ?
અને થોડી થોડી વારે પાછી ગતિઓ બદલાય છે. એવું કઈ રીતે બને ?


અમને જે દેખાય છે, એ તમને દેખાતું નથી. અને તમને જે દેખાય છે, એ અમે જોતા નથી.
પહેલા આચાર્ય સંયમ માર્ગની ધન્યતા અનુભવતા હતા. તેથી જીવ છૂટે તો દેવગતિમાં જાય.
એટલે ?
થોડી વાર પછી એમને એમના શિષ્યોની ભૂલો યાદ આવવા લાગી અને એમના પર ક્રોધ ભભૂકવા લાગ્યો. તેથી અધોગતિ થાય.
અને છેલ્લે એમને પોતાના ક્રોધ પર પસ્તાવો થવા લાગ્યો અને પોતે પાછા આત્મામાં સ્થિર થઈ ગયા તેથી મોક્ષે જાય.


એટલે બહાર જે કરીએ છીએ એનાથી નહીં, પણ તે વખતે અંદર જે ચાલે છે એનાથી આવતો ભવ બંધાય છે !


ખરું કહ્યું. ક્રિયાથી નહીં, ભાવથી કર્મો બંધાય છે. અને એ પ્રમાણે ગતિ થાય છે.


આ તો નવી જ વાત !
બહાર ખોટી ક્રિયા પણ અંદર સારા
ભાવ = ઉંચી ગતિ
બહાર સારી ક્રિયા પણ અંદર ખોટા
ભાવ = અધોગતિ

ટોપિક :
'સુખની દુકાન'

# સુખની દુકાન




એનો અર્થ કે આપણે જેની દુકાન ખોલીએ એ વસ્તુ આપણને ઘેર બેઠાં જ મળે.
એ તો એમ જ હોયને કાકા.
તો તું એક કામ કરને. આજથી સુખની દુકાન ખોલી કાઢને. એટલે સુખ પણ તને ઘેર બેઠાં જ મળે. પછી કોઈની સાથે ઝઘડો જ ન થાય.
સુખની દુકાન ? એ કેવી રીતે ?
એટલે સવારથી ઉઠે ત્યારથી તારે બીજાને સુખ જ આપવું. કોઈને દુઃખ આપવું નહીં.
હું કેવી રીતે બીજાને સુખ આપી શકું ? હું તો નાની છું.
તો શું થયું ? તુ બંટીને ભણાવે, એને તારી ગેમ રમવા આપે, મમ્મીને ઘરકામમાં મદદ કરે, ગરીબને ખાવાનું-કપડાં વગેરે આપે એ બધું બીજાને સુખ આપ્યું જ કહેવાય.
ઓહ, આ તો સાવ સહેલું છે.
તો કરી દે શરુ. પછી જો, તને કેટલો આનંદ રહે છે.


એટલી વારમાં તો, પરસેવે રેબઝેબ એક મજુર ત્યાં આવી ચડ્યો.
આ સરનામું વાંચી આપોને બેન.
આ તો બિલકુલ મારા ઘરની નજીક છે. ચાલો, હું તમને લઈ જઉં.


સરનામે પહોંચાડીને,
લો કાકા, આ ઠંડુ પી લો. ગરમીમાં સારું લાગશે.
ભગવાન તને સુખી રાખે બેટા.



ઘેર આવી શ્રુતિ છાપું લઈને બેઠી.
શ્રુતિબેન, છાપામાં શું નવા-જૂની આવી છે ?
બસ એનું એ જ. કંઈ ખાસ નહીં.



મને લખતા વાંચતા આવડતું હોત તો કેવું સારું થાત !
હું તમને લખતા વાંચતા શીખવાડીશ.


શ્રુતિ રોજ મંગુબેનને એક કલાક ભણાવતી. મંગુબેનનો ઉત્સાહ જોઈ એને પણ ખુબ આનંદ આવતો. રોજ રોજ શ્રુતિનો આનંદ વધતો ગયો.
એક સાંજે જ્યારે શ્રુતિ શંભુ કાકાની દુકાન પર પેંડા લેવા આવી, ત્યારે મંગુબેન હાથમાં એક કાગળ લઈ ત્યાં આવી પહોંચ્યા.
શ્રુતિબેન, ગામડેથી મારા ભાઈનો કાગળ આવ્યો છે. હું તમને વાંચી સંભળાઉ ?
હા, હા.
કાગળ વાંચી લીધા પછી,
બેટા, તારો જેટલો આભાર માનું એટલો ઓછો છે. મારી જીંદગીની સૌથી મોટી પરવશતા તમે દુર કરી આપી.
શ્રુતિને સંતોષ થયો. આજ પહેલા એને આવો સંતોષ ક્યારેય નહોતો થયો.
લે બેટા, આજે આ પેંડા મારા તરફથી લેતી જા. સુખી રહેજે અને તારી 'સુખની દુકાન' પણ આવી જ રીતે ધમધોકાર ચલાવજે.

ટોપિક :
'અબોલા'

# ખરો બુદ્ધિશાળી





બધા હંસોનું ટોળું, વી-રચનામાં ઊડી રહ્યું હતું. જીમ્મી બધાથી દૂર એકલો એકલો ઊડી રહ્યો હતો.
જીમ્મી
થોડી વાર રહીને,
મનુ
જીમ્મી, આમ એકલો એકલો ઉડીશ તો થાકી જઈશ. અબોલા લઈને એકલા એકલા ઊડવામાં કંઈ ફાયદો નથી.અમારી સાથે ઉડીશ તો તને પાવર મળશે.
જીમ્મી
નથી જોઈતો તમારો પાવર.
મનુ
અરે દોસ્ત, હજી તો આપણે કેટલો લાંબો રસ્તો કાપવાનો છે ! અને તું તો અત્યારથી જ હાંફી ગયો છે. તને ખબર છે, તું એકલો ૧૦૦ કી.મી. ઊડી શકું, ત્યારે એ જ સમયમાં વી-રચનામાં આપણે બધા સાથે મળીને ૧૭૧ કી.મી.ઊડી શકીએ. વી-રચનામાં ઊડવાથી આપણી કાર્યક્ષમતા ૭૧ ટકા વધી જાય છે. ચાલને દોસ્ત !
જીમ્મી મોઢું ચઢાવીને વી-રચનામાં જોડાયો. થોડીવાર રહીને, જોરદાર પવન ફૂંકાયો અને મોટું વંટોળ આવ્યું. શમ્મી રસ્તો ભૂલી ગયો. એણે બધા હંસોને જમીન પર ઉતરવાનો ઈશારો કર્યો.
મેં તો પહેલેથી જ કહ્યું હતું કે શમ્મી ખાલી દોઢ ડહાપણ કરે છે. એને કશી ખબર પડતી નથી. રખડાવી માર્યાને આપણને. હવે તમે બધા મારી પાછળ આવો.
જીમ્મી
થોડા હંસ જીમ્મીની વાતમાં આવી ગયા. આમ જીમ્મીએ પોતાની એક જુદીટોળકી બનાવી.



અથડામણ અને મતભેદ કરવાથી આપણે આપણા લક્ષ સુધી ક્યારેય નહીં પહોંચી શકીએ. શમ્મી, આ વાતનો કંઈ ઉકેલ લાવ, નહીં તો આપણે બધા જ અટવાઈ જઈશું.
મનુ
શમ્મીને મનુની વાત સમજાઈ. જીમ્મી સાથે અથડામણમાં બધાનું નુકસાન હતું.
જીમ્મી, મારી ભૂલ થઈ ગઈ. તું સાચું જ કહેતો હતો કે મારામાં અક્કલ ઓછી છે. દોસ્ત, આપણે બધા સાથે રહીશું તો જ પહોંચી વળીશું. હવે તું આગળ રહેજે અને અમે બધા તને અનુસરીશું.
શમ્મી
ઘણા અંતર સુધી જીમ્મી આગળ ઊડતો રહ્યો. સૌથી આગળ ઊડવાને કારણે એને ખૂબ થાક લાગ્યો.
શમ્મી
જીમ્મી, તું થાકી ગયો લાગે છે. હવે આપણે આ કામ વહેંચી લઈએ. હું આગળ આવી જાઉં છું. તું સૌથી પાછળ જતો રહે જેથી તને આગળના હંસોનો પાવર મળી રહે ને ઉડવામાં ઓછી મહેનત પડે.
આમ કોઈ એક હંસ પર બોજો ના આવે એ રીતે બધા જ હંસે એક પછી એક વારો લઈને સુકાન લીધું અને કામ વહેંચી લીધું. સમયસર બધા નળ સરોવર પહોંચી ગયા.
નળ સરોવર પહોંચ્યા ત્યારે જીમ્મી ખૂબ થાકી ગયો હતો.
જીમ્મી
હવે મને સમજાયું કે બધા હંસોના સાથ અને મદદ વગર હું એકલો કદી અહીં સુધી પહોંચી શક્યો ન હોત. મતભેદ અને અબોલા લેવામાં કંઈ જ ફાયદો નથી. તે બધાને ખરાબ આફતમાંથી બચાવી લીધા.
ખરી વાત છે. ભૂલચૂક તો બધાની થાય પણ ખરો બુદ્ધિશાળી એ જ કહેવાય કે જે કકળાટ ના થવા દે અને આમ ઉકેલ લાવી નાખે.
જીમ્મી
મનુ
શમ્મી

# જાગ્યા ત્યારથી સવાર

ટોપિક :
'સિન્સીયારીટી'





બેન, બહુ ભૂખ્યો છું. કંઈ ખાવાનું મળશે?
આવો, બેસો.
ખાવાનું મળશે પણ તમારે મારું એક કામ કરવું પડશે. મારે બહાર ગાયોને દોહવા જવાનું છે. આ ભઠ્ઠીમાં રોટલા મૂક્યા છે. એનું ધ્યાન રાખજો અને ખાસ જોજો કે એ બળી ના જાય.
હા, ચોક્કસ.
ત્યાં ભઠ્ઠી પાસે બેઠા બેઠા રાજાને ઝોકું આવી ગયું રોટલા બધા બળી ગયા અને ઝુંપડીમાં ધુમાડો ફેલાઈ ગયો.
થોડી વાર રહીને,
આ શું ? અરે ઓ આળસુના પીર, ઉઠ. આ શું કર્યું તેં ? આટલું નાનું અમથું કામ પણ બરાબર ના કર્યું ?



આ તો જેવો રાજા એવી એની પ્રજા. નિષ્ઠાહીન રાજાના હિસાબે અત્યારે રાજ્યની કેવી દયાજનક સ્થિતિ છે ! અને આજે આ કામચોરના હિસાબે અમારે ભૂખ્યા રહેવું પડશે.
આ સાંભળી, રાજાને આઘાત લાગ્યો.
પિતાજીને આપેલું વચન મેં નિષ્ઠાપૂર્વક ના નિભાવ્યું, એનું કેવું દુ:ખદાયક પરિણામ આવ્યું ! મોજશોખ ખાતર હું મારા ધ્યેયને ભૂલી ગયો. કેવી ભયંકર ભૂલ થઈ ગઈ મારાથી !
એટલામાં તો સુથાર અંદર આવ્યો. એણે રાજાને ઓળખી પાડ્યા.
ચૂપ થઈ જા. તને ભાન પડે છે, તું આ બધું કોને કહી રહી છે ? આ રાજા પોતે જ છે.
ઓ રાજા ! મને માફ કરી દો. મેં કેટલી કઠોરતાથી આપની સાથે વાત કરી.
ના બેન. તેં બિલકુલ સાચું કહ્યું . તારા ઠપકાને હું લાયક છું. મેં તને કહ્યું હતું કે હું રોટલાનું ધ્યાન રાખીશ પણ એટલું પણ હું ધ્યાન ન રાખી શક્યો. કામ નાનું હોય કે મોટું, પણ એક વાર એ કામ કરવાનું નક્કી કર્યું, પછી એને નિષ્ઠાપૂર્વક કરવું જોઈએ. આ વખતે તો હું નિષ્ફળ થયો, પણ હવે નહીં થાઉં. રાજા તરીકેનું મારું કર્તવ્ય મારી રાહ જોઈ રહ્યું છે.

ટોપિક :
'ફરિયાદ ? નહીં,
'એડજસ્ટમેન્ટ' !'

# એડજસ્ટમેન્ટનો પ્રતાપ




સાંજે બાળકો ઘરે આવ્યા તો મમ્મીને તાવ હતો.
ચન્ટુ બેટા, તારા માટે થોડા બટેટા પૌઆ બનાવ્યા છે. એ ખાઈ લેજે.
મમ્મી, મને પણ ભૂખ લાગી છે.
જોતો નથી મને તાવ આવ્યો છે ? ચિન્ટુ નાનો છે એટલે એના માટે ખાવાનું બનાવ્યું. તું તો હવે મોટો થઈ ગયો છે. જાતે કરતા શીખ ને !
હા મમ્મી, બરાબર છે. તમે તમારું ધ્યાન રાખો. હું કંઈક બનાવીને ખાઈ લઉં છું.
ગૌરવને ખાવાનું બનાવવાનું આવડતું નહોતું. એણે મેગી નુડલ્સ બનાવી ખાઈ લીધા.



બીજા દિવસે સવારે,
મમ્મી, હવે હું ખાવાનું બનાવતા શીખી જઈશ. જેથી કરીને ફરી ક્યારેક જો તમારી તબિયત સારી ન હોય ત્યારે હું જ બધા માટે ખાવાનું બનાવી શકું. દર વખતે કંઈ મેગી ખવાય ?
અને આમ ફક્ત બાર વર્ષની ઉંમરે ગૌરવ ખાવાનું બનાવતા શીખી ગયો. એટલું જ નહીં, પણ એને કપડાં ધોતા, ઈસ્ત્રી કરતા, વાસણ માંજતા...બધું જ ફાવી ગયું.
થોડા વર્ષો પછી ગૌરવ અને ચિન્ટુ હાઈસ્કૂલમાં પ્રવેશ્યા. હાઈસ્કૂલ બીજા શહેરમાં હોવાથી બન્નેને બોર્ડીંગ સ્કૂલમાં રહેવા મૂક્યા.
એક મહિના પછી,
આ સ્કૂલ છે કે જેલ ? જેલમાં પણ આના કરતાં સારું ખાવાનું મળતું હશે ! દાળ તો કેવી પાણી જેવી છે અને રોટલી છે કે શું ? મને અહીંયા નથી ફાવતું. મારે ઘરે જવું છે.
ભઈ, આ ખાવાનું તો બહુ સારું છે. તને ખબર છે, હું જ્યારે ખીચડી બનાવતા શીખતો હતો, ત્યારે આનાથી પણ બદતર બનાવતો.


ના, આ જેલ જેવી સ્કૂલમાં મને નહીં ફાવે. કેદીઓ કરતાં પણ વધારે મજૂરી કરાવે છે. જાતે કપડા ધોવાના, ઈસ્ત્રી કરવાના અને રોજ વહેલું ઊઠવાનું. હું તો ત્રાસી ગયો છું. કાલે જ પપ્પાને ફોન કરીને કહું છું કે મને અહીંથી લઈ જાય.
એક વાત કહું, અનુભવથી કહું છું. ફરિયાદ કર્યા વગર તું જેટલા એડજસ્ટમેન્ટ લઈશ એટલી તારી શક્તિઓ વધશે અને અશક્તિઓ તૂટી જશે. પછી તને ફરિયાદ નહીં રહે. ટ્રાય કરી જો.
જરાય નહીં. અને મારે તારી આ લેકચરબાજી નથી સાંભળવી.
અને ચિન્ટુએ પપ્પાને બોલાવી લીધા.
ચિન્ટુ, આ સ્કૂલનું ભણતર મેળવીશ તો ભવિષ્યમાં તને ખૂબ મદદરૂપ થશે.
પપ્પાના ઘણું સમજાવવા છતાં ચિન્ટુ બોર્ડીંગ સ્કૂલમાં ભણવા રાજી ન થયો.
ગૌરવને તો બોર્ડીંગ સ્કૂલમાં કોઈ ફરિયાદ નહોતી. એડજસ્ટમેન્ટ લેતા એને આવડી ગયું હતું. ત્યાંના પ્રતિકૂળ સંજોગોને અનુકૂળ બનાવી, તે ખૂબ સારા માર્કસે પાસ થયો અને લો કોલેજમાં એડમીશન મેળવી એક સફળ લોયર બન્યો.
બીજી બાજુ, ચિન્ટુ પોતાના ઘર સિવાય બીજી કોઈ જગ્યાએ એડજસ્ટ ન થઈ શકવાના કારણે, પોતાના જ શહેરમાં સામાન્ય ભણતર મેળવી, એક સામાન્ય કારકુન તરીકે નોકરી કરી.

ટોપિક :
'કોપીકેટ'

# નકલ નહીં, અસલ જ ખપે




પણ સ્કૂલમાં હું અમુક છોકરાઓથી ખૂબ અંજાઈ ગયો હતો. સ્કૂલના એ 'પોપ્યુલર' છોકરાઓ કહેવાતા. એમની સાથે દોસ્તી કરવા,એમના ગ્રુપમાં જોડાવા માટે હું એમની નકલ કરવા લાગ્યો.
એ છોકરાઓએ મને સ્વીકાર્યો તો ખરો પણ એમાં મેં મારું અસલ વ્યક્તિત્વ ખોઈ નાખ્યું. હું એમના જેવાં કપડાં પહેરવા લાગ્યો. એમના જેવી અને એમની સ્ટાઈલમાં વાતો કરવા લાગ્યો. અરે ! બોલવાની, ચાલવાની, ખાવાની બધીજ વાતોમાં એમની નકલ કરતો થઈ ગયો.
એટલું જ નહિ, કેરિઅર પણ મેં નકલ કરીને પસંદ કર્યું. એ લોકોએ એમ.બી.એ. કરવાનું નક્કી કર્યું, એટલે મેં પણ એમની નકલ કરી એમ.બી.એ. કરવાનો નિર્ણય લીધો.
પણ નકલ કરીને સફળતા થોડી મેળવાય ? જોબ પર મને ફાવતું જ નહોતું. સાચું કહું તો મને ગૂંગળામણ થતી હતી. અને આખરે એ જોબ પરથી મને છૂટો કર્યો.




આજે કબાટ સાફ કરતાં આ જૂનું આલ્બમ હાથમાં આવ્યું. આલ્બમ જોઈને લાગે કે આ 'જૂનો અતીત' તો જાણે ક્યાંય ખોવાઈ ગયો છે !
દોસ્ત, મને ખાતરી છે કે એ જૂનો અતીત ક્યાંય ખોવાઈ નથી ગયો. તને તારી લાયકાતની ઓળખાણ નહોતી એટલે તે નકલ કરીને તારી શક્તિઓ વેડફી અને તારો ટાઈમ બગાડ્યો. પણ હજી કંઈ મોડું નથી થયું.
એટલે ?
એટલે એમ કે તારા કાકા સાચું કહેતા હતા.તારી ફોટોગ્રાફીમાં જાદુ છે. બોલ, સોમવારથી મારી કંપનીમાં કામ કરવું છે ?
અતીતે વિનયની કંપનીમાં નોકરી સ્વીકારી અને ખૂબ સફળ ફોટોગ્રાફર બન્યો. એ પછી એણે પોતાના જીવન કે પ્રોફેશનમાં ક્યારેય કોઈની નકલ નથી કરી.




અમારું એક વાંકું, આપના અઢારે વાંકા
ટોપિક : 'બીજાની ભૂલ જોવાની કુટેવ'
એક દિવસ ઊંટભાઈ તાજી હવામાં વ્યાયામ કરવા બેઠા. ત્યાં તો વાંદરાએ ઝાડ પર છલાંગો મારવાની શરૂ કરી,
અરે વાંદરા, આ શું આખો દિવસ ધીંગામસ્તી કર્યા કરે છે ? લાઇફમાં થોડો સિરિઅસ થા.
તમે તમારો વ્યાયામ કરો. હું મારો વ્યાયામ કરી રહ્યો છું.
તોફાની બારકસ. કશી આવડત તો છે નહીં, બસ આખો દિવસ ધમાલ, ધમાલ ને ધમાલ !
વાંદરાથી અકળાઈને ઊંટ આગળ ચાલવા લાગ્યો. ત્યાં એને શિયાળ, બગલો અને સસલો દેખાયા. તેઓ કંઈક કામમાં મશગુલ હતા.
ઓ શિયાળ ! શું કરી રહ્યો છે ?
શું કહ્યું ?
બહેરો છે ? આટલા લાંબા કાન છે પણ સંભળાતું તો છે નહીં.
જોતો નથી, હું તરાપો બનાવું છું.
તરાપો શા માટે ?
નદીની પેલે પાર એક લીલુંછમ જંગલ છે. ત્યાં જવા માટે તરાપો બનાવીએ છીએ.


હું પણ તમને મદદ કરું છું. મને પણ સાથે લઈ જાઓ ને.
તરાપો બનાવતા.
એય બગલા, તારી વાંકી ડોકની જેમ તારી નજર પણ વાંકી જ છે. સીધું બાંધતા નથી આવડતું ? મને કરવા દે.
બગલાને દુઃખ થયું, પણ એ કશું બોલ્યો નહીં. તરાપો બની ગયોએટલે બગલો, સસલો, શિયાળ અને ઊંટ તરાપા પર બેસી નદીની પેલે પાર જવા નીકળી પડ્યા.
હલેસા મારતા મારતા,
મેં સાંભળ્યું છે કે એ જંગલમાં ભાતભાતના ફળ-ફૂલ છે. પોપટ કહેતો હતો કે ત્યાં રસદાર ખજૂર છે.
ખજુર ? એટલે શું ?
લે, આટલી નથી ખબર ? તું તો મૂર્ખાઓનો સરદાર જ છે. તારી આ અડધી જિંદગી નકામી ગઈ.


ત્યાં તો તરાપામાં કંઈક કડકડકડ અવાજ આવ્યો,
ઊંટભાઈ, તમે તો ભારે હોંશિયાર છો. બધુંય શીખીને બેઠા છો. તરતા તો શીખ્યા જ હશોને ?
ના, કેમ ?
તો તો તમારી આખી જિંદગી નકામી ગઈ. કારણ કે આપણો તરાપો ડૂબી રહ્યો છે. અમે તો તરીને પેલે પાર જતા રહીશું. તમે શું કરશો ?
આખો વખત અમારા સૌની ભૂલો કાઢો છો : પોપટની ચાંચ વાંકી, કૂતરાની પૂંછ વાંકી, મારી ડોક વાંકી..
અરે, અમારું તો એક વાંકું, આપના તો અઢારે અંગ વાંકા છે !
તરાપો તૂટી પડ્યો. કિનારો સાવ નજીક હતો. પણ ઊંટને તો બિલકુલ તરતા નહોતું આવડતું. ડૂબતા ઊંટને સમજાયું કે બીજાની ભૂલ કાઢ્યા કરવી એ ભયંકર ભૂલ છે.બગલો, શિયાળ અને સસલો જંગલમાંથી એક મોટી ડાળી શોધી લાવ્યા. ડાળી નદીમાં ફેંકી, ઊંટને કિનારા પર ખેંચીને બચાવી લીધો. એ દિવસથી જ્યારે ઊંટ કોઈની ભૂલ કાઢતો ત્યારે એને એમ લાગતું કે પોતે ડૂબી રહ્યો છે અને તરત જ માફી માંગી પાછો વળી જતો.

ટોપિક :
'આડાઈ સરળતા'

# આડાઈમાં રહી ગયો




પણ માલવ ટસનો મસ ન થયો.
માલવ, શું કામ જીદ કરીને બધાનો મૂડ બગાડ છે ? આવું કરવામાં તને મજા આવે છે ? માની જાને.
સારું માલવ, અત્યારે તું બેસ, હું પછી બેસીશ.
ના, બંને વખત હું જ બેસીશ. નહીં તો મારે નથી આવવું.
તો તું અહીં જ રહે. અમે જઈએ છીએ.
કશું બોલ્યા વગર માલવ ઘરે આવી ગયો અને સોફા પર બેસી ગયો. કારનો નીકળવાનો અવાજ સંભળાયો પણ માલવે ધ્યાન ના આપ્યું. એણે ફોન હાથમાં લઈ ત્રણ-ચાર ફ્રેન્ડસને ફોન ઘુમાવ્યા પણ કોઈ મળ્યું નહીં.
થોડી વાર પછી એણે એની ફેવરિટ મ્યુઝિકની સી.ડી. લગાવી. પણ મ્યુઝીકમાં એનું ધ્યાન લાગ્યું નહિ. એને ખૂબ બેચેની થઈ રહી હતી.
પેલા લોકો ઝૂમાં કેવી મજા કરતા હશે ?




ટાઈમ પાસ કરવા માલવે બુક્સ, ગેમ્સ, ટી.વી. બધું જ અજમાવી જોયું પણ કશામાં એનું ચિત્ત ના ચોંટ્યું.
રાતના નવ વાગે માલવને, દર્શ અને કાવ્યાનો હસવાનો અવાજ સંભળાયો. ઝૂની વાતો કરતા કરતા એમણે દરવાજો ખોલ્યો. ફટાફટ માલવે એક કોમિક બુક હાથમાં લીધી અને વાંચવાનો ડોળ કરવા લાગ્યો.
માલવ, ઝૂમાં બહુ મજા આવી. તે ખોટું ગુમાવ્યું. ચાલ, હું તને બધા ફોટા બતાવું.
મને ઝૂના ફોટો જોવામાં કોઈ રસ નથી. મેં પણ અહીં મારા ફ્રેન્ડસ જોડે બહુ મજા કરી.
બીજા દિવસે સવારે નાસ્તો કરતા કરતા પણ દર્શ અને કાવ્યા ઝૂની વાતો કરી રહ્યા હતા.
દર્શ, પેલા ડાન્સિંગ બતક કેવા મસ્ત હતા ! અને પેલો બે પગે ચાલતો હાથી !
પણ સૌથી મજાનો તો વાંદરાનો શો(ખેલ) હતો.


માલવ ધ્યાનથી એ લોકોની વાતો સાંભળી રહ્યો હતો, પણ જાણે એને બિલકુલ રસ ના હોય એવો દેખાડો કરી રહ્યો હતો.
ખબર છે, વાંદરાના રખેવાળે મને એક વાત કહી. જંગલમાંથી વાંદરાઓને પકડવા તેઓ બોક્સમાં વાંદરાનો હાથ પેસી શકે એટલું નાનકડું કાણું કરી ત્યાં એક કેળું લટકાવે. વાંદરો કેળું લેવા માટે એનો હાથ અંદર નાખે. પણ કેળું હાથમાં પકડવાથી હાથ પહોળો થઈ જાય એટલે કાણાંમાંથી હાથ બહાર ના કાઢી શકે અને પકડાઈ જાય. હવે છૂટવા માટે એને એક નાનકડું કેળું જ જતું કરવાનું હોય,પણ એ જીદ્દી વાંદરાઓ આટલું અમથું જતું ના કરે, અને પકડાઈ જાય.
વાંદરાઓ કેટલા ગાંડા કહેવાય !
દર્શની વાત સાંભળીને માલવનેપણ હસવું આવી ગયું.
મેં પણ તો એ વાંદરાઓ જેવું જ કર્યું ને ! આગળની સીટ પર બેસવા માટે જીદ કરી. વારા રાખવાની પપ્પાની વાત માની નહીં અને ધાર્યું કરવા આડાઈ કરી. અંતે વાંદરાની જેમ આખો દિવસ ઘરમાં પૂરાઈને બેસી રહ્યો અને ઝૂની મજા ખોઈ કાઢી.
માલવને એની ભૂલ સમજાઈ.
અરે માલવ, ક્યાં ખોવાઈ ગયો ?
ક્યાંય નહીં, તું મને ઝૂના ફોટો ક્યારે બતાવીશ ?



ટોપિક : 'ગુરુકૃપા'
ગુરુનો વિનય
ગુરુજી, આજે પરીક્ષામાં રાઘવ ચોરી કરતો હતો.
સારું. હું તપાસ કરીશ.
પહેલાના વખતની વાત છે. એ દિવસોમાં વિદ્યાર્થીઓ ગુરુકુળમાં ભણવા જતા. ગુરુજી પાસે રહીને બધી વિદ્યાઓ ધારણ કરતા.
થોડા દિવસ પછી,
ગુરુજી, આજે મેં રાઘવને પાડોશીની વાડીમાંથી ફળ ચોરી કરતો જોયો.
સારું મહિપાલ. હું એને યોગ્ય શિક્ષા કરીશ. પણ બેટા, તું તારા ભણતર પર ધ્યાન રાખ. કાલની ગણિતની પરીક્ષા માટે બધી તૈયારી થઈ ગઈ છે ને ?
પરીક્ષાનું પરિણામ જાહેર કરતા,
મહિપાલ, તારી પાસેથી મને આ આશા નહોતી. ગણિતમાં તારી કુશળતા પર મને સહેજે સંશય નહોતો. પણ તારા ઉત્તર જોઈને મને ખૂબ નિરાશા થઈ છે. કાલે આ બધા પાળા (ઘડીયા) સો વાર લખીને આવજે.
કુટિરમાં
ગુરુજી પક્ષપાતી છે ! મારી આટલી નાની ભૂલ માટે મને કેટલી મોટી સજા કરી ! અને પેલો રાઘવ ધનવાન હોવા છતાંય ચોરીઓ કરે છે. એને ગુરુજી કશું કહેતા નથી. ચોક્કસ રાઘવના બાપુજી પાસેથી એમને ભેટસોગાદો મળતી હોવી જોઈએ. એટલે જ ચૂપ રહે છે.
મહિપાલ, ગુરુજી માટે આવા શબ્દો ના બોલ. ક્યારેક આપણને ગુરુજીનો આશય ના પણ સમજાય. પણ એથી કરીને એમનો અવિનય ના કરાય. એમનો અવિનય કરીશ તો એમની પાસેથી વિદ્યા કેવી રીતે ગ્રહણ કરીશ ?
સારું સારું, તને જ્યારે સજા થાય ત્યારે આ મોટી મોટી વાતો તને યાદ કરાવીશ.



બીજા દિવસે મહિપાલે રાઘવને ફરી ચોરી કરતા જોયો. એને ખૂબ અકળામણ થઈ.
ગુરુજી, રાઘવનું આવું વર્તન અમારાથી નહિ નભાવાય. આજે ને આજે એને ગુરુકુળમાંથી બહાર કાઢો.
મહિપાલ, તું તો કેટલો સમજદાર છે કે તને સારા-નરસાનો વિવેક સમજાઈ ગયો છે. તું તો ગમે ત્યાં જઈને ભણી શકે છે. પણ રાઘવને તો હજુ સારા-ખોટાનો ભેદ પણ નથી સમજાયો અને મારે એને એ જ શીખવવાનું છે.
આ સાંભળી મહિપાલ એકદમ ચૂપ થઈ ગયો. શ્યામલની ટકોર એને યાદ આવી અને ગુરુજીનો આશય અમને સમજાયો.
થોડા દિવસો પછી,
શ્યામલ, આ શું લખ્યું છે ? વ્યાકરણમાં આવી ભૂલો ના ચલાવી લેવાય. આ પાઠ કાલે પાંચ વાર લખીને આવજે.
કુટીરમાં આવીને શ્યામલે ગુરુજીએ ફરમાવેલી સજાને ખૂબ કાળજીપૂર્વક પૂરી કરી. બીજા દિવસે ગુરુજીએ ફરી એને અન્ય વિષય માટે સજા કરી અને આમ ઘણા દિવસો સુધી ચાલ્યું. કોઈકને કોઈક બાબતે શ્યામલને સજા મળતી. અને શ્યામલ સહેજ પણ ગુરુ પ્રત્યે વિનય ચૂક્યા વગર, એમને કહેલી બાબત કાળજીપૂર્વક કરતો.



એક સાંજે શ્યામલ કુટીરમાં બેસીને ગુરુજીએ ફરમાવેલી સજા પર કામ કરતો હતો.
શ્યામલ, ગુરુજી તને આટલી બધી સજા કરે છે, છતાંય તને એમના માટે કોઈ નકારાત્મક ભાવ નથી થતો ? હું તો કેવી નાની અમથી બાબતમાં છંછેડાઈ ગયો હતો. તું અંદર શું ગોઠવણી કરી છે કે તને એમના પ્રત્યે સહેજે અવિનય નથી થતો ?
થોડું વિચારીને,
મારા બાપુજી લુહાર છે. એમની દુકાનમાં લોખંડ આવે અને એ લોખંડમાંથી તેઓ છરીઓ બનાવે. પણ તને ખબર છે કે એ છરી બનાવવાની પ્રકિયા શું હોય ?
ના.
લોખંડ લાલ લાલ થાય ત્યાં સુધી પિતાજી એને ગરમ કરે. પછી ખૂબ જોરથી હથોડા વડે લોખંડને મારી એનો ઘાટ તૈયાર કરે અને પછી ઠંડા પાણીમાં એ લોખંડને નાખે. આખી દુકાન વરાળથી ભરાઈ જાય. અને આ પ્રકિયા તેઓ ઘણી બધી વાર કરે.
મહિપાલને પોતાના પ્રશ્નનો જવાબ તો નહોતો મળ્યો, છતાંય તે રસપૂર્વક સાંભળી રહ્યો હતો.
ઘણી વાર લોખંડ આ પદ્ધતિ ના સહન કરી શકે અને ભાગી જાય. પિતાજી એ લોખંડને ભંગારમાં ફેંકી દે.
થોડી વાર થોભીને, શ્યામલે મહિપાલના મૂળ પ્રશ્નનો જવાબ આપ્યો.
જેમ પિતાજી લોખંડને મારીને એનો ઘાટ તૈયાર કરે છે, એમ ગુરુજી પણ મારું ઘડતર કરી રહ્યા છે. જ્યારે ગુરુજી મને સજા આપે છે, ત્યારે મારી અંદર આ જ ગોઠવણ હોય છે. ગુરુજી મારા હિત માટે જ કરી રહ્યા હોય તો પછી હું એમનો અનાદર કે અવિનય કેવી રીતે કરી શકું ?
આ સાંભળી મહિપાલ ખૂબ પ્રભાવિત થઈ ગયો.
બિલકુલ ખરી વાત છે. મારા અવિનયથી હું તો પેલા ભંગારમાં ફેંકાતા લોખંડની જેમ ફેંકાઈ ગયો હોત, પણ આ વાત કરી તેં મને બચાવી લીધો.
મોઢા પર સ્મિત સાથે, શ્યામલ ફરી પોતાના કામે વળગી ગયો.


ફરજ
ટોપિક : 'ટાળો કંટાળો'
રાજઘરાનામાં જન્મેલા કુંવર પ્રતાપસિંહને નાનપણથી જ ખૂબ જાહોજલાલી હતી. એક વસ્તુ માંગે અને દસ હાજર થઈ જાય. છતાં તેઓ સુખી નહોતા. કોઈ પણ વસ્તુ કે પ્રવૃત્તિથી તેઓ થોડાક જ સમયમાં કંટાળી જતા.
રાજાને એમના કુંવર માટે ખૂબ ફિકર રહેતી.
આવા કુંવરને રાજગાદી કેવી રીતે સોંપીશ, જેને પોતાની જવાબદારીઓ નભાવવાનો કંટાળો આવે છે, રાજ્યનું કામ કરવામાં સહેજ પણ રસ નથી. મારા ગયા પછી આ રાજ્યનું શું થશે ?
ઘણું સમજાવવા છતાંય, કુંવર પ્રતાપસિંહને એમની ફરજો પ્રત્યે કંટાળો જ રહ્યાં કરતો. ફરજો બજાવવાની આવે, ત્યારે તેઓ છટકબારી જ શોધતા.
મંત્રીજી, ગોમતીપુરના રાજા સાથેની મારી કાલની સભા તમે સંભાળી લેજો.
કુંવર, આપના પિતાજી નારાજ થશે. એ રાજાનો આપણા રાજ્ય પર ઘણો ઉપકાર છે. મુશ્કેલીના સમયે તેઓએ આપણી ઘણી મદદ કરી હતી. તમારે એમને મળવું જોઈએ.
ના, પણ મને એ રાજા જરાય પસંદ નથી. અને આ વાર્તાલાપો કરવાનો મને ખૂબ કંટાળો આવે છે. ખરું કહું તો મને આ બધું ફાવતું પણ નથી.



કુંવર અને મંત્રીજીની વચ્ચે પ્રેમવાળો સંબધ હતો. મંત્રીજીએ નાનપણથી કુંવરની દેખભાળ કરી
કુંવર, વાર્તાલાપ કર્યા વગર આપણે એમના રાજ્યમાંથી માલ - સામાન કેવી રીતે આયાત કરીશું ? આપ, જો આપના આ ફરજીયાત કામને "ગમતું" કરી નાખશો, તો પછી કામ કરવાની શક્તિ પણ આપને ચોક્કસ મળી રહેશે. બસ, તમે આ કામમાં રસ લો, તમને ચોક્કસ આ કામ ગમવા લાગશે.
પણ, મને આ બધું કામ નથી જ ગમતું. આવી ફરજો મને કબૂલ નથી. રાજ્યની દેખરેખ તો પિતાજી કરી જ રહ્યા છે, અને મદદમાં સાથે આપ પણ છો.
મંત્રીજી, આજે બપોરે તમે વેશ પલટો કરી, રાજ્યમાં પ્રજા સુખ-શાંતિમાં છે કે નહીં એની ખબર લેવા જજો. સાથે કુંવરને પણ લેતા જજો.
જેવી આપની આજ્ઞા, મહારાજ.
મંત્રીજીએ શેઠનો વેશ પહેર્યો, અને કુંવરે શેઠના દીકરાનો વેશ પહેર્યો. મહેલમાંથી બહાર નીકળતાં તેઓએ અમુક મજૂરો અને કારીગરોને જોયા.
જોર લગા કે......હોઈશા.....
કેમ ચાલે છે કામકાજ, ભાઈ ?
રાજાની મહેરબાનીથી બધું સારું ચાલે છે.
આટલું કઠિન કામ કરે છે, છતાંય એમના મોઢા પર સહેજે કંટાળો નથી ? કેવા આનંદમાં દેખાય છે બધા ! આ કેવી રીતે શક્ય છે ?


થોડે આગળ જતાં,
પૂરી તળવાની કેવી મજા, ભાઈ કેવી મજા !
ધંધાપાણી કેવા ચાલે છે, ભાઈ ?
રાજાની કૃપાથી બધું કુશળ મંગળ છે.
આ માણસ પરસેવાથી રેબઝેબ છે, છતાંય આવા મુશ્કેલ કામમાં મજા માને છે ! આવું કેવી રીતે બને ?
ભાઈ, આટલી ગરમીમાં તમને આ ગરમ-ગરમ તેલ પાસે કામ કરવાનું ગમે છે ? કંટાળો નથી આવતો ?
અરે, એમાં કંટાળો શાનો ? આ તો મારી રોજી રોટી છે. ફરજ છે. આમ પણ, રાજીખુશીથી કરું કે કંટાળીને કરું, પણ કર્યા વગર છૂટકો જ નથી, ફરજિયાત છે. તો પછી ખુશીથી કેમ ના કરું ?
કેવી સમજુ છે આ પ્રજા ! કેવી રાજીખુશીથી એમની કઠિન ફરજો બજાવે છે. પિતાજી પણ એમની ફરજ કેવી સુંદર રીતે બજાવી રહ્યાં છે, જેના કારણે એમની પ્રજા એમનાથી આટલી સંતુષ્ટ છે. મને તો બધી જ સુખ અને સગવડ છે. કોઈ પણ કામમાં મારું ચિત્ત ચોંટતું નથી એટલે કંટાળેલો અને દુ:ખી રહું છું. જો હું પણ મારા કામ રસપૂર્વક કરીશ તો કેટલો આનંદમાં રહી શકીશ !
મહેલમાં પાછા ફરતી વખતે,
"મંત્રીજી, ગોમતીપુરના રાજા સાથેની સભા કેટલા વાગે છે ?"
મંત્રીજી મીઠું હસ્યા.


ટોપિક :
'નિશ્ચયની શક્તિ'

# નિશ્ચયની શક્તિ






થશે કે નહીં થાય, એમ વિચારીશ તો ખરેખર બધું બગડી જશે. થશે જ, કેમ ના થાય, એવો સ્ટ્રૉંગ નિશ્ચય કરીશ તો સારા માકર્સ આવશે જ. તું નિશ્ચય કરે કે મારે આમ કરવું જ છે, તો બધું થાય એવું છે.
હું તને એક વાર્તા કહું. આ વાર્તા છે મહર્ષિ પાણિનિની. તેઓએ સંસ્કૃતના વ્યાકરણનો મહાન ગ્રંથ-'અષ્ટાધ્યાયી' રચ્યો. સંસ્કૃત ભાષાનું સમગ્ર વ્યાકરણ તેમણે આ નાની પુસ્તિકામાં સમાવી લીધું છે. કેવા બુદ્ધિશાળી હશે !
તને એ જાણીને આશ્ચર્ય થશે કે સંસ્કૃતનાં આવા પંડિતની બુદ્ધિ બાળપણમાં જરાય ખીલેલી નહોતી. વર્ગમાં ગુરૂજી જે ભણાવતા, એ તેનાં મગજમાં ઊતરતું નહીં.
તેથી બધા સહાધ્યાયીઓ 'મૂર્ખનો સરદાર' કહીને તેની મશ્કરી કરતા રહેતા.
એક દિવસ
પાણિનિ, આ પ્રશ્નનો જવાબ આપ.


પાણિનિ ગુરૂજી સામે જોતો જ રહ્યો. ગુરૂજીને ખુબ ગુસ્સો આવ્યો.
તારી હથેળી મારી સામે ધર.
પાણિનિ ધ્રૂજી ઊઠ્યો. ડરથી ફફડતાં તેણે મુઠ્ઠી ખોલીને હથેળી ગુરૂજીની સામે ધરી ! ગુરૂજી હથેળી પર સોટી મારવા જતા હતા, ત્યાં તેમની નજર હથેળી પર પડી અને તેઓ ચોંકી ગયા. તેમના હાથમાંની સોટી અધ્ધર જ રહી ગઈ.
જા બેટા, તારી જગ્યાએ જઈને બેસી જા.
ગુરૂજી શું થયું ?
અરે, તને વિદ્યા કેવી રીતે આવડે ? તારા હાથમાં વિદ્યાની રેખા જ નથી !
ગુરૂજીના આ શબ્દોથી નાનકડા બાળકના હૃદય પર બહુ મોટો આઘાત લાગ્યો.
ગુરૂજી, તમારો હાથ બતાવોને ? વિદ્યાની રેખા ક્યાં હોય છે ? એ તો બતાવો.
ગુરૂજીએ પોતાની હથેળી ખુલ્લી કરી તેમાંથી વિદ્યાની રેખા તેને બતાવી.
એ રાત્રે એણે એક ધારદાર પથ્થરથી પોતાના નાજુક હાથ પર એક રેખા કંડારી દીધી. એ હતી વિદ્યાની રેખા. તેની હથેળી લોહીથી લાલ બની ગઈ.
હવે તો મારા હાથમાં વિદ્યાની રેખા દોરાઈ ગઈ. હવે મને બધું જ આવડવા લાગશે.


બીજા દિવસે
ગુરૂજી, જુઓ મેં મારી હથેળીમાં વિદ્યાની રેખા દોરી લીધી છે. હવે વિદ્યા મેળવવામાં મને કોઈ રોકી શકશે નહીં.
અરે બેટા, આ તેં શું કરી નાંખ્યું ? પરંતુ હવે ખરેખર વિદ્યા પ્રાપ્ત કરવામાં તને કોઈ રોકી શકશે નહીં.
સમય જતાં સફેદ રેખા અદ્રશ્ય થઈ ગઈ અને તેનો હાથ પહેલાં જેવો જ થઈ ગયો. પરતું એના હ્રદયમાં દ્રઢ નિશ્ચયની જે રેખા કોતરાઈ ગઈ હતી તે તો સમય જતાં વધુ ને વધુ ઊંડી બનતી ગઈ. જ્યાં સુધી તે પોતાનો પાઠ બરાબર ન સમજી લે, ત્યાં સુધી ખાવું-પીવું-ઊંઘવું બધું જ બંધ થઈ જતું.
ધ્યેય પ્રાપ્તિ માટે, એના આવા દ્રઢ નિશ્ચયને કારણે, એક વખતનો 'મૂર્ખનો સરદાર' સંસ્કૃત ભાષાનો મહાન વ્યાકરણશાસ્ત્રી બની ગયો.
હવે તું જ કહે, જો પાણિનિ હાથની રેખાના ભરોસે બેસી રહ્યા હોત, તો શું તેઓ એમના ધ્યેય સુધી પહોંચી શકત ?
ના
ત્યાં તો પપ્પા ગેલેરીમાં આવ્યા.
તો અમનશેઠ, તમારું ભવિષ્ય શું કહે છે ?
મારું ભવિષ્ય તો ભયંકર છે. પણ હું મારા નિશ્ચયબળથી એને સુંદર બનાવી દઈશ.
શું ??!!
આ સાંભળી, દાદાજી હળવું હસ્યા અને ફરી ચશ્માં ચડાવી છાપું વાંચવા લાગ્યા.

ટોપિક :
'પ્રાર્થના પહોંચે
પરમાત્માને'

# અંદર બેઠેલા ભગવાનને પ્રાર્થના




હા, તારે પુનિત અને સાકેતની અંદર બેઠેલા ભગવાનને પ્રાર્થના કરવાની કે એમને સદ્‌બુદ્ધિ મળે. બસ, આટલું જ કરીશ તો ધીરે ધીરે એ લોકો સુધરી જશે અને તને હેરાન પણ નહીં કરે.
ખરેખર ?
બીજા દિવસે રિસેસમાં...
અરે વાહ ! ચશ્મીસ આજે આપણા માટે મજેદાર લિજ્જતદાર સેન્ડવિચ લાવ્યો છે ! આપણે એની મજેદાર સેન્ડવિચ ખાઈને એને બરાબરની મજા ચખાડીએ.
દીપના આંખમાંથી ટપ ટપ આંસુ પડવા લાગ્યા. એને એ લોકો પર ખૂબ ગુસ્સો આવ્યો. એટલામાં એનો દોસ્ત પાવન ત્યાં આવ્યો...
રડ નહીં, ચાલ આપણે ટીચરને કહીએ.
દીપને અચાનક એના ડેડીના શબ્દો યાદ આવ્યા...
જો તું એમના પ્રત્યે દ્વેષ રાખીશ, તો તને બળતરા થશે અને એ લોકો પણ તારી સાથે વેર બાંધશે. એના બદલે જો તું એમના માટે પ્રાર્થના કરીશ, તો તને શાંતિ મળશે, અને એ લોકો પણ સુધરશે.
ના, મારે ફરિયાદ નથી કરવી.
ડરપોક...હા... હા...હા...


આખી રિસેસ, દીપે, પુનિત અને સાકેતની અંદર બેઠેલા ભગવાનને પ્રાર્થના કરી.
હે પ્રભુ, પુનિત અને સાકેતને સદ્‌બુદ્ધિ આપો, એમના પર કૃપા વરસાવો. એમને કોઈને પણ દુઃખ ન આપવાની શક્તિ આપો.
રિસેસ પછી,
આજે તો તને છોડી દઈએ છીએ, પણ ખબરદાર જો હવે ક્યારેય અમારી ફરિયાદ કરી છે તો !
પ્રાર્થના કર્યા પછી દીપને અંદરથી ખૂબ શાંતિ લાગી. પછી તો જ્યારે જ્યારે પણ એને પુનિત અને સાકેતનો ડર લાગે, તો એ અંદરથી એમના માટે પ્રાર્થના શરુ કરી દેતો. એક રાત્રે,
પપ્પા, પ્રાર્થનાનો ઉપાય તો ખરેખર જોરદાર છે ! હવે તો પુનિત અને સાકેત મને બિલકુલ હેરાન નથી કરતા.
હા, પ્રાર્થનાથી તને પણ ખૂબ શક્તિ મળશે. તું પણ રોજ ભગવાન પાસે એવી શક્તિ માંગજે કે મારા મન - વચન - કાયાથી કોઈને દુઃખ ના હો.
એક દિવસ રિસેસમાં...
શું થયું ચશ્મીસ ? આજે લંચબોક્સ નથી લાવ્યો ?
ના, ઉતાવળમાં ભૂલી ગયો.
ચાલ, આજે તું અમારી સાથે લંચ કર ! મજા પડશે.
દીપ, પુનિત સામે મીઠું હસ્યો. આજે એને પ્રાર્થનાના પાવર ઉપર સ્ટ્રોંગ શ્રદ્ધા બેસી ગઈ.


# ચિંતવે એવું થાય

ટોપિક :
'રજા...એ...
મજા !!!'





યુવાન માટે લખ્યું
તું ખોટી શંકા રાખે છે. તને નખમાંય રોગ નથી. નિરાંતે ખા-પી અને મજા કર. કશું ચિંતા કરવા જેવું છે જ નહીં આનંદમાં રહેજે.
માણસ સાથે ચિઠ્ઠી મોકલાવી. માણસે ચિઠ્ઠી આપવામાં ભૂલ કરી. ઘરડા બાપાની ચિઠ્ઠી યુવાનને આપી અને યુવાનની ચિઠ્ઠી ઘરડા બાપાને આપી.
બાપા ચિઠ્ઠી વાંચીને ખુશ થઈ ગયા.
ઓહ ! સરસ, હું તો એકદમ તંદુરસ્ત છું.
તેઓ બજારમાં ગયા અને નિરાંતે ગાંઠિયા ને ચા ખાધા. અને મજાથી એ તો ફરવા માંડ્યા બીજે દહાડે.


બીજી બાજુ,
શું ! હું બે ત્રણ દિવસ જ જીવવાનો છું !
આમ ઢીલા પડતા પડતા બીજા દિવસે તો એ એટલો બધો માંદો પડી ગયો, કે મરવા જેવો થઈ ગયો.
બીજા દિવસે.
લાવને આજે પેલા બે જણને જોઈ આવું.
જોયું તો ઘરડા બાપા નિરાંતે ચા અને ગાંઠિયા ખાતા હતા.
કાકા, તમે તો બહુ આનંદમાં દેખાઓ છો. શું વાત છે ?
જ્યારથી તમારી ચિઠ્ઠી વાંચી ત્યારથી હું આનંદમાં રહેવા લાગ્યો છું અને તબિયત પણ સારી થતી ગઈ. હવે હું હરું છું, ફરું છું, ખાઉં છું, પીઉં છું, મજા કરું છું.
પછી વૈધ યુવાન પાસે ગયા. યુવાન તો બિચારો મરવા જેવો થઈ ગયો હતો.
અરે આ શું હાલત થઈ ગઈ તારી ?
તમારી ચીઠ્ઠી વાંચી ત્યારથી મારી આ હાલત થઈ ગઈ છે.


વૈધ ને તપાસ કરતા જાણવા મળ્યું કે બન્નેની ચિઠ્ઠી અદલાબદલી થઈ ગઈ હતી. તેથી ઘરડા બાપાને નખમાંય રોગ નથી એવું જાણીને 'હું એકદમ સાજો છું' એવા વિચારોમાં રહેવા લાગ્યા, અને યુવાન 'હવે હું મરી જવાનો છું' એવા વિચારોમાં રહેવા લાગ્યો.
ભાઈ, તને નખમાંય રોગ નથી. ખોટી ચિંતા કરીશ નહીં. આનંદમાં રહે.
આ સાંભળી યુવાન પાછો સાજો થવા લાગ્યો અને ઘરડા બાપાને કંઈ ન કહી, આનંદમાં જ રહેવા દીધા.
ચિંતવે એવું થાય. નેગેટિવ ચિંતવનની અસર ઊંધી થાય. પોઝિટિવ ચિંતવનની અસર સવળી થાય.

# બસની એક યાદગાર મુસાફરી

ટોપિક :
'મારે શું !'





બસ-સ્ટોપ પર બધા પેસેન્જરોને બસની રાહ જોતાં જોઈને ઉત્સવીને હાશ થઈ,
આજે તો બહુ થાક લાગ્યો છે, બસમાં એક સારી જગ્યા મળી જાય તો સારું. ઘરે પહોંચતા સુધી એક લાંબી ઊંઘ કાઢી લઈશ.
SALE
ત્યાં તો એને બસનો હોર્ન સંભળાયો.... ફટાફટ એ બસમાં ચડી.
એક ટિકિટ અમદાવાદની આપો.
બસની અંદર ડોકિયું કર્યું તો છેલ્લે એક સીટ ખાલી હતી, જેમ તેમ કરીને એ ત્યાં પહોંચી ગઈ અને સીટમાં ગોઠવાઈ ગઈ. એણે આંખો બંધ કરી દીધી.
ત્યાં તો બસે જોરથી બ્રેક મારી.
ઓહ માય ગોડ !
ઝટકામાં એની આંખ ખૂલી ગઈ. જોયું તો આગળની સીટના ટેકે ઊભેલા એક મોટી ઉંમરના માજી પડવા જેવા થઈ ગયા હતા.
માજીને મારે મારી સીટ આપી દેવી જોઈએ, એમને બહુ તકલીફ પડતી હશે.
એણે આજુબાજુ જોયું.
કોઈને નથી પડી તો હું શું કામ આપું ? મારે શું લેવા-દેવા ? આમેય હું કેટલી થાકેલી છું.




ઉત્સવીએ ફરી આંખ બંધ કરી સૂવાની ટ્રાય કરી પણ એની આંખ આગળ એની દાદીનો ચહેરો આવી ગયા
આ માજીની જગ્યાએ મારા દાદી હોત તો ? કોઈએ એમને જગ્યા ના આપી હોત તો ?
પણ જોરદાર ઊંઘ આવતી હોવાથી ઉત્સવીએ મનમાંથી એ વિચાર ફગાવી દીધો. થોડી ક્ષણોમાં શિખા આંટીનો ચહેરો એની આંખો આગળ તરવરવા લાગ્યો.
જો શિખા આંટી દાદીને પારકા ગણી એમની સુંદર દેખભાળ ના કરતા હોત તો દાદીની શી હાલત થાત.
બધા પેશન્ટ્સને શિખા આંટી વહાલા લાગે છે કારણ કે તેઓ ક્યારેય પોતાના અને પારકામાં ભેદ નથી રાખતા.
આ વિચાર આવતાંની સાથે જ ઉત્સવી ઝબકીને ઊઠી.
માસી, તમે અહીં બેસી જાઓ.
તારો ઘણો આભાર દીકરા, મને એમ કે ઊભા રહેવાશે પણ હવે પહેલાં જેવી તાકાત રહી નથી.
એમ કહી માજી ઉત્સવીની સીટમાં ગોઠવાઈ ગયા. ઉત્સવી માજીની જગ્યાએ શાંતિથી ઉભી રહી ગઈ. માજીને સીટ આપીને એની ઊંઘ તો જાણે ગાયબ જ થઈ ગઈ અને એણે એક અનેરી તાજગી અને સ્ફૂર્તિ અનુભવી !

ટોપીકઃ
'લોભને નહી થોભ'

# ફસામણ





ચાલ, તો હવે આપણે આપણા મિત્રો સાથે રમવા જઈએ.
આટલું જલદી ? મારું પેટ જ ભરાયું છે. મન નથી ભરાયું. હજુ તો કેટલા બધા જાતના ફળો ચાખવાના બાકી છે. જેટલું ખાવું હોય, એટલું ખાવાની છૂટ છે.યાદ છે ને તને ?
પણ ચિમ્પુ, ખાવાની છૂટ હોય એનો મતલબ એમ નથી કે ભૂખ ના હોય છતાંય ખાધે જ રાખીએ. સંતોષ જેવું કંઈ હોય કે નહીં ? હું તો ચાલ્યો રમવા.
પણ ચિમ્પુને તો હજી સંતોષ નહોતો થતો. એ તો ફરી પોતાને માટે ઢગલો ખાવાનું લઈ આવ્યો અને ખાતો જ ગયો.
થોડી વાર રહીને,
ચિમ્પુ, ઓ ચિમ્પુડા.... અમે બધા એક મજાની રમત રમી રહ્યા છીએ. જલદી આવ.
પણ, ચિમ્પુને તો બોલવાના પણ હોશ નહોતા.
બધા કેવી મજા કરી રહ્યા છે અને મને કેવો ભયંકર તરફડાટ થઈ રહ્યો છે. મેં પ્રમાણસર ખાધું હોત તો ?!
ત્યાં તો, દૂરથી અમુક વાંદરાઓની ચીસાચીસ સંભળાઈ.
ભાગો ભાગો....વનમાં શિકારીઓ આવ્યા છે. અમુક વાંદરાઓને પકડીને પણ લઈ ગયા.
બધા વાંદરાઓ ભયભીત થઈને ભાગમભાગ કરવા લાગ્યા. શમ્ભુ વાંદરો વૃદ્ધ અને અક્કલવાળો હતો. એ ઘટાદાર ઝાડીમાં સંતાઈ ગયો.



ભરેલા પેટને કારણે ચિમ્પુ ઝડપથી કૂદકા નહોતો મારી શકતો, એ ગભરાઈ ગયો. ત્યાં એણે ચણા ભરેલી એક માટલી જોઈ. એ નજીક જવા જતો હતો ત્યાં...
પણ આમાં ચણા છે.
ચિમ્પુ, એમાં હાથ નહીં નાખતો.
ના, ના, આવી જા. વાંદરાઓની લાલચને કારણે શિકારીઓની યુક્તિ કામ કરે છે.
યુક્તિ...?
હા, આ શિકારીઓ બહુ ચાલાક હોય છે, એ માટલામાં ચણા રાખે. લાલચી વાંદરાઓ મુઠ્ઠી ભરીને ચણા કાઢવા જાય પણ ભરેલી મુઠ્ઠીને કારણે હાથ અંદર ફસાઈ જાય મુઠ્ઠી છોડે નહીં એટલે હાથ બહાર નીકળે નહીં. અને આખી માટલી ઉઠાવવા જાય અને છેવટે પકડાઈ જાય.
થોડા ચણા લઈ લીધા હોય તો ફસાઈ ના જવાય, પણ મુઠ્ઠી વાળે પછી શું થાય ? પણ આ તો લાલચની ફસામણ. ખરું ને ?
ચિમ્પુ તો શું બોલે ? શરમથી એ નીચું જોઈ ગયો. આજે એણે પણ તો એ ફસામણની તરફડામણનો સ્વાદ ચાખ્યો હતો ને ! એ દિવસથી એ જરૂર કરતાં વધુ લેવાનું ભૂલી ગયો.



મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર
ટોપીકઃ
'હું રહી ગઈ !'
અભય ! અભય ! અભય !
અને ફરી અભયે ગોલ કર્યો !
સુપર્બ ગોલ બાય અભય !
અભય ખરો ફૂટબોલ ચેમ્પિયન છે.
એની ટક્કર કોઈ ના કરી શકે.
સાચે જ !
ગેમ પછી,
કોન્ગ્રેચ્યુલેશન 'મોસ્ટ વેલ્યુએબલ (કીમતી) પ્લેયર !' એકવાર ફરી ટ્રોફી જીતીને તેં પૂરવાર કરી દીધું છે કે આ ખિતાબનો ખરો હકદાર ફક્ત તું જ છે.
થેન્ક્સ
ગ્રેટ ગેમ, અભય ! આજે ફરી તેં આપણી સ્કૂલનું નામ રોશન કર્યું. હવે આપણે શનિવારે સાંજે ૪ વાગે પ્રેક્ટિસ માટે ફરી મળશું.
ઓ.કે સર.
થેંક યુ.
શનિવારે સાંજે તરંગ અને રોનક પણ અભયની પ્રેક્ટિસ ગેમ જોવા આવ્યા. ફિલ્ડમાં એન્ટર થતાં જ એમને તાળીઓનો ગડગડાટ સંભળાયો.
અભયે ગોલ કર્યો લાગે છે.


પાસે જઈને જોયું તો અભય નહીં પણ કોઈ બીજું જ હતું.
સુપર્બ આરુષ. તું બહુ સરસ રમ્યો !
આ કોણ છે ?
અમારી ટીમનો નવો પ્લેયર, આરુષ. આજે જ ટીમમાં જોડાયો છે. નવો વિદ્યાર્થી છે. પણ અત્યારથી જ કોચનું અને અમારા બધાનું દિલ જીતી લીધું છે.
ઓહ રિઅલી
હા, ખરેખર, જોરદાર રમે છે.
થોડી વાર રહીને,
હાય, આજે પ્રેક્ટિસ માટે લેટ થઈ ગયો છું. ગેમ પછી તમને લોકોને મળું.
શ્યોર !
યાર, અભયને એના આ નવા હરીફ વિષે ખબર પડશે તો એને કેટલું દુઃખ થશે ને !
હા, મને તો એની ચિંતા થાય છે.


પ્રેક્ટિસ ગેમ પછી,
અભય, પેલા નવા પ્લેયર આરુષના કારણે તું બહુ અપ્સેટ તો નથી ને ?
અપ્સેટ ? હું શું કામ અપ્સેટ થાઉં ?
કેમ ? હવે ટીમમાં અને લોકોમાં તારું સ્થાન જતું રહેશે એવા ભયથી તને અસુરક્ષિતતા નથી લાગતી ?
અસુરક્ષિતતા ? મને તો ઊલટી સુરક્ષિતતા લાગે છે કે આરુષના કારણે અમે આવતી ગેમ ચોક્કસ જીતી જ જઈશું. દર ગેમમાં ટીમ જીતે એ જ ટીમનું લક્ષ્ય હોય અને હવે એ લક્ષ્ય પામવા માટે મને પાર્ટનર મળી ગયો છે. હું તો વધારે રાજી છું.
પછી તો દરેક પ્રેક્ટિસ સેશનમાં કોચ આરુષને ખૂબ પ્રોત્સાહન આપતા. અભય પણ આરુષને પ્રોત્સાહન આપવામાં જોડાઈ જતો. એને ક્યારેય એવું લાગ્યું નહીં કે આરુષ કોચનો માનીતો થઈ ગયો અને એ રહી ગયો.
ફાઈનલ ગેમનો દિવસ હતો, આજે આરુષના નામની બોલબાલા હતી
આરુષ, આરુષ, આરુષ....
અને આરુષે છેલ્લો ગોલ કર્યો, અને ટીમ જીતી ગઈ.


એવોર્ડ સમારંભ
શરુ થયો.
ગેમના 'મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર'ની
ટ્રોફી જાય છે...... આરુષને.
તાળીઓના ગડગડાટ વચ્ચે આરુષે,
એ ટ્રોફી સ્વીકારી
થેંક યુ. પણ આ એવોર્ડનો ખરો હકદાર અભય છે, એ અમારી ટીમનો વેલ્યુએબલ (કીમતી) જ નહીં પણ મોસ્ટ નોબલ પ્લેયર છે. ટીમનો બેસ્ટ પ્લેયર હોવા છતાં અભયે ક્યારેય પોતાનું સ્થાન જાળવી રાખવા મારી સાથે સ્પર્ધા નથી કરી. હું ટીમમાં જોડાયો ત્યારથી જ એણે મને ખૂબ પુષ્ટિ આપી અને સારી ગેમ રમવા માટે ટીપ્સ પણ આપી. અભય, સ્ટેજ પર આવી તારો એવોર્ડ સ્વીકાર કર.
સ્ટેજ પર અભયે અને
આરુષે મળીને પ્રેક્ષકો સામે
ટ્રોફી ઊંચી કરી અને
એકબીજાને ભેટી પડ્યા.


કડવી વાણીના પડઘા
ટોપીક: 'મીઠી વાણી'
એક તળાવ હતું. એ તળાવમાં બે દેડકાઓ રહેતા હતા. ચિન્ટુ અને પીન્ટુ. ચિન્ટુને કાનમાં બહેરાશ હતી. એટલે પીન્ટુ હંમેશાં ચિન્ટુની સાથે જ રહેતો.
બાકી દેડકાઓ ઘણી વાર ચિન્ટુ અને પીન્ટુની મજાક ઉડાવતા.
આ જો બહેરો અને એનો દોસ્ત. હાહાહાહા..... એ પીન્ટુ ! તને આવા બહેરા સાથે રહેવામાં શું મજા આવે છે ?
એ મારો દોસ્ત છે એટલે હું તો હંમેશાં એને સાથ આપીશ જ, પણ તમને લોકોનેય કહી દઉં છું કે તમે આવું કડવું બોલીને એને દુઃખ પહોંચાડો છો, એનું ફળ સારું નહીં આવે.
અરે, પણ એ તો બહેરો છે ! એને અમારી વાતો ક્યાં સંભળાઈ જ છે કે એને દુઃખ પહોંચે ?



એને સંભળાતું નથી પણ તમારા અવળા ભાવ તો એને પહોંચે જ છે.
શું બકવાસ કરે છે ? આ બહેરા સાથે રહી રહીને તારું મગજ પણ ખસી ગયું છે.
પીન્ટુની આંખો ભીની થઈ ગઈ.
હું આ બધા જ દેડકાઓથી છેટો રહેવાનો છું.
ચોમાસું શરૂ થયું. મુશળધાર વરસાદ પડ્યો.
ચોમાસામાં જમીન ઘસાઈ ગઈ છે, એટલે તળાવની પાળ પાસે ઊંડો ખાડો પડી ગયો છે. બધાને ચેતવણી આપવામાં આવે છે કે તળાવની આ બાજુથી કૂદકો મારવો નહીં. એનાથી જાનને જોખમ છે.
ચિન્ટુ અને પીન્ટુને આ ખાડાની જાણ જ નહોતી. એક દિવસ રમતા રમતા બેઉએ પાળી પરથી ઊંડા ખાડામાં કૂદકો માર્યો.
આઆઆઆઆઆઆ આઆઆઆઆ...!!! આટલો મોટો ખાડો ! મને તો ખબર જ નહોતી. હવે શું કરશું ?
અવાજ સાંભળીને બાકી દેડકાઓ બહાર પાળી ઉપર આવ્યા અને અટ્ટહાસ્ય માણવા માંડ્યા.
હહાહાહા.... આ બેઉ તો તદ્દન ડોબા જ છે. અલ્યા પીન્ટુ ! તને સમજાવ્યું હતું ને કે આ બહેરા ચિન્ટુડાથી દૂર રહેજે. લે, ખાડામાં પડ્યોને એની સાથે !


પીન્ટુ ગભરાઈ ગયો.
આપણી આ કસોટી છે. નિરાશ થયા વગર બહાર નીકળવાનો ઉપાય શોધીએ.
પણ કોઈ ઉપાય મળતો નહોતો. કલાકો વીતવા લાગ્યા. ચિન્ટુ અને પીન્ટુ ભૂખ્યા તરસ્યા ખાડામાંથી નીકળવાનો પ્રયત્ન કરતા હતા. દેડકાઓ આવીને ચિન્ટુ અને પીન્ટુને કટુવાણી સંભળાવતા.
એ બહેરા ! હવે તો ત્યાં જ રહેજે અને ત્યાં જ મરજે.
બધા દેડકાઓની વાત સાચી છે અમે ક્યારેય આ ખાડામાંથી બહાર નહીં નીકળી શકીએ.
અને હવે ચિન્ટુના પ્રોત્સાહનની પીન્ટુ પર કોઈ અસર નહોતી થતી. એ તો નિરાશ થઈ એક ખૂણામાં બેસી ગયો.
બધા દેડકાઓ ચિન્ટુ અને પીન્ટુની મજાક ઉડાવતા હતા, ત્યારે અચાનક.....
ભાગો ભાગો.... સાપ આવ્યો !
ગભરાટમાં ભાગવાની લ્હાયમાં ભયભીત દેડકાઓ ખાડામાં પડી ગયા.
થોડીવાર રહીને...
અરે આ શું ? આપણે પણ એ જ ખાડામાં પડ્યા જ્યાંથી નીકળવાનો કોઈ રસ્તો જ નથી.



બધા ખૂબ હતાશ થઈ ગયા.
આપણે પણ હવે આખી જિંદગી આ ખાડામાંથી બહાર નહીં નીકળી શકીએ.
નિરાશ દેડકાઓએ બહાર નીકળવાનો પ્રયત્ન પણ છોડી દીધો. એક દિવસ અચાનક ચિન્ટુ આવીને બધા દેડકાઓને ઢંઢોળવા લાગ્યો.
શું થયું ચિન્ટુ ? શું કહેવા માંગે છે ?
ચિન્ટુએ બધાને એની પાછળ આવવાનો ઈશારો કર્યો. દેડકાઓના આશ્ચર્યનો પાર ના રહ્યો.
સુરંગ ??!! તેં એકલા હાથે આટલો શ્રમ વેઠી સુરંગ બનાવી ! ધન્ય છે તને દોસ્ત !
બધા દેડકાઓ કૂદકા મારી સુરંગમાંથી તળાવમાં પહોંચી ગયા. તળાવના કિનારે....
પીન્ટુ, આજે મને સમજાયું કે અમારી કટુ વાણીએ તને તો વગાડ્યું જ પણ છેવટે એ અમારી ઉપર જ પડી. અમે જ એવા હતાશ થઈ ગયા કે આવી પડેલી કસોટીમાંથી બહાર નીકળવાની હિંમત પણ ભેગી ના કરી શક્યા.
હા, ખરી વાત છે. જેના માટે અમે આટલું અવળું બોલ્યા એણે પોતાના પોઝિટિવ વલણથી અમને બધાને બચાવી લીધા. ચિન્ટુ, પીન્ટુ અમને માફ કરી દો.
અને આમ કહી બધા દેડકાઓ ચિન્ટુ અને પીન્ટુને ભેટી પડ્યા.



એમનું સ્વર્ગ
ટોપીક: 'સુખ કે દુઃખ માન્યતાથી જ !'
ભીખુ નામનો ખેડૂત એક નાનકડી ઝૂંપડીમાં એની પત્ની લક્ષ્મી સાથે રહેતો હતો. એક દિવસ,
ભીખુ, તારા મામા ગુજરી ગયા. મામી બહુ દુઃખી છે. એમણે કહેવડાવ્યું છે કે તું આવીને એમને તેડી જા.
શું ?! મામીને અહીંયા લઈ આવું ? પણ હું એમને રાખીશ ક્યાં ?
એ બધું હું કંઈ ના જાણું.
કચવાતા મને ભીખુ મામીને પોતાની પાસે તેડી લાવ્યો. થોડા દિવસ પછી,
મામી આખી રાત નસકોરા બોલાવે છે. એના કારણે મને જરાય ઊંઘ નથી આવતી. મને નથી લાગતું કે આપણે મામીને આપણી ઝૂંપડીમાં રાખી શકીએ.
હા, એમના આવવાથી આપણા ઘરમાં કેટલી બધી ભીડ થઈ ગઈ છે. રસોડામાં તો હલવાની પણ જગ્યા નથી હોતી. તમે આપણા મુખીયાજીની સલાહ લો ને. એ બહુ સમજદાર છે. એ જરૂર કોઈ ઉપાય બતાડશે.
મુખીયાજીએ ભીખુની બધી વાત સાંભળી.
ભીખુ, તારી પાસે કોઈ પશુઓ છે ?
હા મુખીયાજી, એક ગાય અને એક બકરી છે.


સારું તો એક કામ કર. ગાયને ઘરમાં લઈ આવ.
શું ??!! ઘરમાં ? પણ હું એને રાખીશ ક્યાં ?
ઘરના દરવાજામાં બાંધી દેજે. બસ તારી બધી સમસ્યાનો અંત આવી જશે.
ઘરે આવીને, ભીખુએ મુખીયાજીએ આપેલો ઉપાય લક્ષ્મીને કહ્યો.
આવું કહ્યું મુખીયાજીએ ? મુખીયાજી તો વિદ્વાન માણસ છે. આપણે એમનો ઉપાય અજમાવવો તો જોઈએ જ.
ત્યાર પછી, ભીખુ અને લક્ષ્મીની જિંદગી ખરાબમાંથી અત્યંત ખરાબ થઈ ગઈ, ઘરમાં જતા આવતા ગાય સાથે ટક્કર થયા જ કરતી. એટલું જ નહીં, પણ ગાય બેઠી-બેઠી એમનો કામળો પણ ચાવી ગઈ.
એક અઠવાડિયા પછી,
જાઓ, જઈને મુખીયાજીને કહો કે અત્યારની સ્થિતિ પહલાં કરતાં સો ગણી વધુ ખરાબ છે.
મુખીયાજીએ ફરી ભીખુની વાત ધ્યાનથી સાંભળી.
તે કહ્યું હતું ને કે તારી પાસે બકરી પણ છે? એક કામ કર, બકરીને પણ ઘરમાં લઈ આવ.



પણ મુખીયાજી, હું બકરીને રાખીશ ક્યાં?
તારા પલંગ પાસે એને બાંધી દેજે. હવે તો તારી બધી સમસ્યાઓનો અંત ચોક્કસ આવી જ જશે.
ભીખુની વાત સાંભળી લક્ષ્મી રડવા લાગી.
આવુ કહ્યું મુખીયાજીએ ! આપણી પાસે મુખીયાજી આ શું કરાવી રહ્યા છે ? ઘરમાં જ્યાં જુઓ ત્યાં ગાયનું છાણ છે અને હવે એ કહે છે કે બકરી પણ અંદર લઈ આવીએ ? બસ, બહુ થયું.
પણ, તે જ તો કહ્યું હતું કે એ ભણેલા ગણેલા છે એટલે એમની સલાહ પર અમલ કરવાની આપણે કોશિશ કરવી જોઇએ.
આંસુ લૂછીને લક્ષ્મી બકરીને ઘરમાં લઈ આવી. પણ એક આખો દિવસ એણે માંડ માંડ પસાર કર્યો.
બીજા દિવસે લક્ષ્મી પણ ભીખુ સાથે મુખીયાજી પાસે ગઈ.
મુખીયાજી, ગઈ કાલે આપે અમને બકરીને ઘરની અંદર લઈ આવવા કહ્યું, એની પહોંચમાં જે હતું એ બધું જ તે ખાઈ ગઈ છે. એટલું જ નહીં...
બહેન... પણ..
મને મારી વાત પૂરી કરવા દો. આજે હું ખૂબ જ મજબૂર થઈને તમારી પાસે આવી છું. અને એનું કારણ છે પેલી ભયાનક ગંધ. તમે ક્યારેય બકરીની નજીક સૂતા છો? મેં આખી રાત એક મટકું પણ નથી માર્યું. તમે જ કહો, હવે અમે શું કરીએ?



એક કામ કરો. હવે બકરી અને ગાયને ઘરની બહાર લઈ જાઓ. ઘર ચોખ્ખું કરી નાખો અને પછી મને કહો કે કેવું લાગે છે.
બે દિવસ પછી,
આપનો ખૂબ ખૂબ આભાર. હવે અમારું ઘર એકદમ ચોખ્ખું અને સરસ થઈ ગયું છે. અને કોઈ વાસ પણ રહી નથી.
પણ, મામીનું શું ? તમને ઘરમાં ખીચોખીચ નથી લાગતું ?
ખીચોખીચ ? ના, મુખીયાજી હવે તો મને ઘર મહેલ જેવું લાગે છે.
સ્વર્ગ જેવું ! મામી છે તો મને મદદ રહે છે. હવે, હું ક્યારેય ફરિયાદ નહીં કરું.
થોડી મુશ્કેલી વેઠીને પણ તમને સાચી વાત સમજાઈ તો ખરી ! જ્યાં કશું જ દુ:ખ ના હોય ત્યાં ઘણી વાર લોકો દુ:ખ ઊભું કરી દેતા હોય છે. સાચી સમજણ વડે સમજાય કે ખીચોખીચ લાગતું ઘર ખરેખર 'સ્વર્ગ' જ હતું !


સુરદાસ
ટોપીક: 'વિરોધીઓ ઉપકારી'
આધ્યાત્મિક માર્ગ પર પ્રગતિ કરવાના હેતુથી સુરદાસ નામના એક ભક્ત, ગુરૂના શરણે આવ્યો. આધ્યાત્મ જ્ઞાન મેળવવાની ઝંખના એણે ગુરૂ સામે રજુ કરી.
હે ગુરૂદેવ, મને આત્માનું જ્ઞાન આપો.
જ્ઞાન પ્રદાન કરતા પહેલા સુરદસની ભૂમિકા તૈયાર કરવા માટે ગુરૂએ એને એક આજ્ઞા કરી..
હું તને જ્ઞાન પ્રદાન કરું એ પહેલા તારે મારી એક આજ્ઞાનું પાલન કરવું પડશે.
જ્ઞાન મેળવવા હું બધું જ કરવા તૈયાર છું. આપ આજ્ઞા કરો ગુરૂદેવ.
તારી બધી દૈનિક પ્રવૃત્તિઓ કરતા પહેલા તું ઈશ્વરનું સ્મરણ કરજે. એક અઠવાડિયા સુધી આમ કર્યા બાદ, તું નદીમાં સ્નાન લઈને મને મળવા આવજે.
ગુરૂદેવની આજ્ઞા પ્રમાણે અઠવાડિયા સુધી નિષ્ઠાપૂર્વક સુરદાસે દરેક કામ પહેલા ઈશ્વરનું સ્મરણ કર્યું.


અઠવાડિયા પછી સ્નાન લઈ, ચોખ્ખા વસ્ત્રો ધારણ કરી, એ ગરૂદેવને મળવા ગયા. ગુરૂદેવની કુટીરની બહાર એક વ્યક્તિ ઝાડુ વાળતો હતો. ભૂલથી એનું ઝાડું સુરદાસને લાગી ગયું.
નાલાયક, તને દેખાતું નથી ? મારા ચોખ્ખા કપડા બગાડી નાખ્યા. હવે મારે ફરી સ્નાન કરવું પડશે.
ગુરૂદેવે આ જોયું. સુરદાસ જ્યારે ફરી સ્નાન લઈ ગુરૂદેવને મળવા આવ્યા ત્યારે..
વત્સ, આ અઠવાડિયું પણ તમે ગયા અઠવાડિયાની જેમ જ ગાળજો અને મને આવતા અઠવાડિએ મળવા આવજો.
બીજે અઠવાડિયે પણ ઝાડુવાળાએ ફરી સુરદાસના કપડા બગાડ્યા. ફરી સુરદાસને એના પર ક્રોધ આવ્યો અને ફરી ગુરૂદેવે એને અઠવાડિયા સુધી ઈશ્વરના નામનું સ્મરણ કરવાની આજ્ઞા કરી. આવું લગભગ ચાર અઠવાડિયા સુધી ચાલ્યું.



પાંચમે અઠવાડિએ, જ્યારે ઝાડુંવાળાએ સુરદાસ પર કચરો ફેંક્યો, ત્યારે ઝાડુવાળાના આશ્ચર્યનો પાર ના રહ્યો. દર વખતની જેમ ક્રોધિત થઈને અપમાન કરવાના બદલે સુરદાસે હાથ જોડી એ ઝાડુંવાળાની માફી માંગી..
ભાઈ, હું આપનો આભાર માનું છું. તમને ગુરૂપદે સ્થાપું છું કારણ કે તમે મને ક્રોધને જીતતા શીખવાડ્યું.
આ પ્રસંગ નિહાળી ગુરૂદેવ ખૂબ રાજી થયા.
આજે તમે આધ્યાત્મનો પહેલો પાઠ ભણ્યા. તમને ક્રોધ કરાવનારને તમે ઉપકારી માન્યો અને ક્રોધને જીતી લીધો...
...આ રીતે જીવનમાં આવતી દરેક કઠીન પરિસ્થિતિઓને તમે તમારી ખામીઓને જીતવાની તક ગણશો તો આધ્યાત્મિક માર્ગમાં ખૂબ પ્રગતિ કરશો. આજથી તમે આશ્રમમાં રહીને સ્વાધ્યાય કરજો.
વિનયપૂર્વક ગુરૂને વંદન કરી, સુરદાસે પોતાના આધ્યાત્મિક માર્ગનો પ્રવાસ શરૂ કર્યો.

ટોપીક:
'પ્રમાણિકતા'

# વિડિયો રેકોર્ડિંગ




આપણે જ્યારે કંઈ પણ ખોટું કરીએ, ત્યારે આપણી અંદર બેઠેલા ભગવાન કેમેરાની માફક બધું જ રેકોર્ડિંગ કરતા હોય છે. લોકોને જો આ વાત સમજણ પડે તો તેઓ ખોટું કરતા અટકે.
પણ મેડમની વાતમાં નિગમને રસ જ ક્યાં હતો ? મનમાં તો બીજી જ ધૂન સવાર હતી.
આજે ઘરે મામા, મામી, માસા, માસી અને કઝીન્સ આવવાના હતા. આજે પર્વ સાથે ચેસ રમવાનો છું. દર વખતની જેમ આજે પણ એને હરાવી દઈશ.
બપોરે જમી કરીને બધા વાતોએ વળગ્યા. નિગમના રૂમમાં જઈ પર્વ અને નિગમ ચેસ રમવા બેઠા.
થોડી વાર પછી,
ચેક
નિગમને પસીનો છૂટી ગયો. પહેલી વાર એ હારી રહ્યો હતો.
એક મિનિટ, હું આપણા માટે થોડો નાસ્તો લઈ આવું.
પર્વ ગયો એટલે નિગમે રૂમમાં નજર ફેરવી. ત્યાં કોઈ જ નહોતું.
શું કરું ? ગેમ થોડી હલાવી દઉં ? પર્વને ખબર પણ નહીં પડે. નહીં તો હારવું પડશે. એ કેટલું શરમજનક થશે !
પર્વ, નિગમ, બચ્ચા પાર્ટી બધા જ બહાર આવી જાઓ. તમારા બધા માટે એક સરપ્રાઈઝ છે.



મામાએ બધાને ટી.વી.સામે ગોઠવાઈ જવાનું કહ્યું.
યાદગિરિ રહે તે માટે મેં મારા વિડ્યો કેમેરામાં આપણે આજે સાથે ગાળેલી સુંદર પળો રેકોર્ડ કરી દીધી છે. નેચરલ રેકોર્ડિંગ થાય એટલે મેં કોઈને જણાવ્યું નહોતું.
મામાએ ટી.વી. ચાલુ કર્યું. જોતા જોતા મામા કોમેન્ટરી આપતા ગયા. થોડી ક્ષણો પછી....
અને આ છે આપણા માસ્ટર ચેસ પ્લેયર પર્વ મહેતા, જે અત્યારે પેટ પૂજામાં બિઝિ છે.
આ તો એ જ પળ હતી, જ્યારે નિગમ ચીટીંગ કરી ગેમ અદલાબદલી કરી નાખવાનું વિચારતો હતો. નિગમના હૃદયના ધબકારા વધી ગયા.
અને આ છે આપણા બીજા ગ્રાન્ડ-માસ્ટર નિગમ શાહ, જે અત્યારે ગંભીરતાથી કશુંક વિચારી રહ્યા છે.
થેંક ગોડ, મેં ચીટીંગ ન કરી. નહીં તો અત્યારે આખા પરિવાર સામે મારો કેવો ફજેતો થયો હોત ! ચીટીંગ કરીને હું જીતીને પણ હારી ગયો હોત.
મામા, મને પણ આ વિડ્યોની એક કોપી આપજો.
હા, હા, એને ચોક્કસ આપજો. આજે પહેલી વાર ચેસમાં એ મારી સામે હારી ગયો છે. એટલે રિપ્લે જોઈને એ ફરી પ્રેક્ટિસ કરશે. સાચી વાત ને નિગમ ?
હા, બિલકુલ સાચી વાત.
આજે તો હું હારીને પણ જીતી ગયો છું. આજથી નક્કી કરું છું કે ચેસમાં કે જિંદગીમાં એવી કોઈ ચીટીંગ નહીં કરું, જેનું રિપ્લે જોવામાં મને સહેજ પણ ગભરામણ થાય.

# બાળવિજ્ઞાનની અન્ય પ્રસ્તુતિઓ

ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ

## સ્ટોરી બુક



## મન્થલી મેગેઝિન

બાળકો માટે



યુવાનો માટે અક્રમ યુથ

અક્રમ એક્સપ્રેસ

## દાદા ભગવાન સચિત્ર





માનવમાંથી મહામાનવ (નીલ) સીરીઝ બુક

## ગેમ્સ



## V.C.D. & D.V.D.



## વેબસાઈટ



**Visit kids.dadabhagwan.org**





ISBN 978-93-82128-56-4

Printed in India

₹ 45